
# વાયડામિત્ર

સપ્ટેમ્બર - ૨૦૨૪
વર્ષ : ૧૦૨ અંક : ૯
કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)
R.N.I No.: 6316/57




Rangoli made by Yatra Parikh in Bank of Baroda ZO on foundation day celebration

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

સપ્ટેમ્બર ૨૦૨૪, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૨, અંક-૯

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી–૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે,
ગોતા–જગતપુર રોડ, અમદાવાદ – ૩૮૨ ૪૭૦
ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,
જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭
Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮(સાંજે ૭.૦૦ પછી)
ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂ.૩૦/–(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં :** રૂ. ૫૦૦૧/–

*સુજ્ઞ જ્ઞાતિજનો, વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.*


સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust
Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# વરસાદને કહો કે, કહીને આવે...

વરસાદને કહો કે, કહીને આવે...
ઉનાળાની બપોરનો નિબંધ જીવી રહ્યા હોઈએ,
ને તારી પ્રતીક્ષા કરીએ, તને આવકારીએ,
પણ તું તો સ્કૂલના તોફાની વિદ્યાર્થીની જેમ ....જરા સમજ!
તારા બોડીગાર્ડ જેવા વાદળોના દર્શન કરાવે,
ને ધંધાદારીના ફોનની જેમ બે મિનિટ કહીને,
પછી કાગળના વિમાનની જેમ, કઈ દિશામાં ફંટાય ને ક્યાંય પટકાય,
ને ઝરમર, દુકાળ, ધમાકેદાર, જળબંબાકાર, શબ્દોનો તને ગર્વ,
આ અવળચંડાઈ, ક્લાઈમેટ ચેન્જ ના નામે ચરી ખાય,
સાચો સમય ને દિશા કહીને આવવા માંય,
તને વાંધો? ....જરા સમજ!
સ્કૂલ-કોલેજની પરીક્ષાની તારીખ જાહેર થાય, ચૂંટણીની તારીખ જાહેર
થાય, તને તો સરપ્રાઈઝ ગેમ જ ગમે છે ને ! પ્રેસ નોટ આપ કે
પછી, સોશિયલ મીડિયા પર તારું એકાઉન્ટ ખોલ,
હવામાન વિભાગની આબરૂ તો સાચવ, ....જરા સમજ!
પીચ પર આવતા પહેલા આરામ તો કરે છે,
ને ક્યારેક માવઠું બનીને નેટ પ્રેક્ટિસ કરે છે,
ને અમારે કેટકેટલી તૈયારી કરવાની,
કાગળની હોડી, ભજીયાની સામગ્રી, તરવૈયાની ટોળી,
ને છત્રી-રેઈનકોટની શોધખોળ તો ખરી જ!
તારા પાક્કા ખબર હોય તો અગાઉથી જ,
રસ્તા પર ઠેર ઠેર ભૂવા ચીતરી,
તારા સ્વાગતની તૈયારી કરીયે, ....જરા સમજ!
હવે તો તને નોટીસ જ ફટકારવી છે,
ગામ-વીજળી, તાલુકો-વાદળા,
જીલ્લો-આભ લખીશ, સમજી જાજે.



**- ડો. રાકેશ પરીખ, અમદાવાદ**
**મો. ૯૮૨૫૩ ૪૬૮૨૭**

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

સ્વ. સોહાગિનીબહેન તથા સ્વ. નવનીતભાઈ બી. શાહ (દેત્રોજવાળા) ના જય શ્રી કૃષ્ણ.

# સૌરભના સ્વરેથી..... સમય



મૂલ્ય એમનું અમૂલ્ય,
સંગેમરમર એની સુંદરતા;
લાજવાબ એનો જવાબ,
બિહામણી એની ક્રુરતા.

એક જ સમયે સૌની,
ભિન્ન–ભિન્ન સ્થિતિ;
કોઈકની ચડતી,
તો કોઈકની ટોચેથી પડતી.

સમય આવશે જ્યારે,
અવશ્ય મળશે ભોગવવા;
સમય જશે ત્યારે,
અનિવાર્ય થશે ભોગવવું.

સમય કરશે નોખા,
કર્મના લેખા–જોખાં;
સમય સારો – નરસો,
કર્મ ફળનો જ અરીસો.

સમયનું સન્માન,
વધારશે જ્ઞાન અને માન;
સમયની સમજણ,
ઘટાડશે ઘણી પળોજણ.

ઝાઝું પરિવર્તન,
વર્તાય સમયના વર્તનમાં;
કોઈ અફસોસ કે અભિમાન,
ના કર તારા અંતર મનમાં

– સી.એ. સૌરાભ શાહ
મો. ૯૮૯૮૩ ૯૫૦૬૦

દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

# શેરબજાર - જ્યાં કિનારે ઊભેલો ડૂબી જાય છે



સમય : સવારે ૯–૧૫ સ્થળ : ગમે તે

પ્રશ્ન : બજાર આજે ઉપર છે ?

ગજ્જુ માટે બજાર એટલે શેરબજાર. શેરબજાર તેનો આત્મા છે. શેરબજાર સિવાય અત્યારે હિન્દુસ્તાનમાં જાણે બીજું કોઈ કામ જ નથી. દરેકને એમ લાગે છે કે હું રહી ગયો અને બીજો ફાવી ગયો. શેરબજારમાં કિનારે ઊભેલો ડૂબી જાય છે અને કૂદી પડે છે તે તરી જાય છે.

ગુજ્જુ અને શેરબજાર એકબીજાના પર્યાય છે. ખરો ગુજ્જુ શેરબજાર તૂટવાથી નિરાશ થતો નથી. તેને વિશ્વાસ છે કે આવતીકાલે બજાર ઉપર આવી જશે. આવો આશાવાદ તેને ટકાવી રાખે છે. કઈ કંપની શું કામ કરે છે તે ખબર ન હોય પરંતુ તેના શેર હોવાના જ.

આખું ગામ શનિ–રવિની રજાની રાહ જુએ છે પણ શેરબજારના ઈન્વેસ્ટરને આ બંને વાર ગમતા નથી કારણ કે માર્કેટ આ બે દિવસ બંધ રહે છે. આ બે દિવસ તેના ઉચાટભર્યા પસાર થાય છે અને સોમવારે માર્કેટ ઉઘડે ત્યારે તેના જીવને હાશ થાય છે. તે ‘ભાવ’નો ભૂખ્યો હોય છે, જ્યાં ભાવ મળે ત્યાં ભળી જાય છે. ઈન્વેસ્ટમેન્ટ તેના માટે એન્ટરટેઈનમેન્ટ છે. શેરબજાર ચાલુ હોય ત્યારે મૂવી જોવા જતો નથી.

કયા શેર ખરીદવા એની ટીપ આપનારા હજાર મળી જાય છે પણ રોકાણ માટે નાણાં ક્યાંથી લાવવા એની ટીપ આપનાર વીરલો હજુ સુધી પાક્યો નથી. જો કે કેટલાક ફીક્સ ડીપોઝીટ તોડવાની કે પી.એફ. ઉપાડવાની જોખમી સલાહ આપતા હોય છે.

અહીં તમને સિગારેટ ન પીવાની અને આઈ.ટી.સી.ના શેર ખરીદવાની સલાહ એક સાથે મળી શકે છે. જીવનની દરેક સમસ્યાનું સમાધાન સેન્સેક્સમાં છે એવું માનનારા ઘણા લોકો છે. જ્યારે જોરથી કહે કે અર્થતંત્ર ડામાડોળ છે ત્યારે વધતા રહેતા સેન્સેક્સના આંકડા બતાવીને તેને ધીમો પાડે છે. શેરબજારનો ઈન્ડેક્ષ એંસી હજારની ઉપર પહોંચી ગયો છે તેવી વાત કરતી વખતે તેનું લોહી ઝડપથી ફરવા લાગે છે.

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

IPO શબ્દનું તેને ભારે આકર્ષણ હોય છે. IPO ખૂલવો, લાગવો અને લિસ્ટીંગ થવું એ ત્રિવેણી ઉત્સવ જેવું હોય છે. જો કોઈ રોકાણકારને IPO લાગે તો મુંબઈની લોકલ ટ્રેનમાં વીન્ડો સીટ મળી જાય અથવા સૂકા પ્રદેશમાં અચાનક ધોધમાર વર્ષા થાય એવો આનંદ થાય છે.

આ શેરબજારનો કરિશ્મા જબરદસ્ત છે અને આપણે તો કરિશ્માથી દોરાતી પ્રજા છીએ. ધર્મનો કરિશ્મા, રાજકારણનો કરિશ્મા, ક્રિકેટનો કરિશ્મા અને હવે શેરબજારનો કરિશ્મા. રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે શેરબજાર અનિવાર્ય છે. તમને શેરબજારમાં રસ ન હોય એ ગંભીર ચિંતાનો વિષય છે. ક્રિકેટની જેમ શેરબજાર હવે રાષ્ટ્રીય રમત બની ગઈ છે. લોકો એકબીજાને મળે એટલે વાતનો વિષય નરેન્દ્ર મોદી અને શેરબજાર સિવાય બીજો હોતો જ નથી. બધા જ રસ્તા આપણને શેરબજાર તરફ દોરી જાય છે. સેન્સેક્સમાં એક હજાર પોઈન્ટ વધે એ જેવો તેવો વિકાસ નથી. ભવિષ્યમાં લખાશે કે હિન્દુસ્તાનનો વિકાસ શેરબજારને આભારી છે.

માણસ ડૉક્ટર-એન્જિંનીયર કે સમકક્ષ બનવાનું વિચારે છે ત્યારે વર્ષો સુધી ભણવું પડે છે અને પછી તે કમાણીમાં સક્ષમ બને છે. પણ શેરબજારમાં માણસ પ્રથમ દિવસથી જ કમાવા માંગે છે. તેને ઝડપથી અમીર બની જવું છે. શેરબજારને જાણ્યા વિના, શીખ્યા વિના, દેખાદેખીમાં લોભ અને લાલચમાં કૂદી પડવાથી નુકસાન થાય છે. શેરબજારમાં વ્યવસ્થિત અભ્યાસ વગર આવવું એ નુકસાન નોતરવા બરાબર છે. ખરી વાત એ છે કે શેરબજારમાં પૈસા કરતાં સમયનું રોકાણ કરવું વધુ મહત્વનું છે. શેરબજારને શીખવામાં જેટલું વધુ ધ્યાન આપશો તે ભણેલી માહિતી જ કામ લાગે છે. પોતે જ રીસર્ચ કરી શેરમાં રોકાણ કરો. અન્યએ રોક્યા એટલે હું પણ રોકી દઉં તે ભારે નુકસાનકારક સાબિત થાય છે. આ બજારમાં લાખના બાર બજાર થતાં વાર લાગતી નથી. તમે જેટલા પૈસા ભૂલી શકતા હોય તેટલા જ રોકવા.

કૃત્રિમ તેજી ઊભી કરીને પ્રજાને ઠગવાનું આસાન બની ગયું છે. કંપનીએ હજુ તો પ્રોજેક્ટની જાહેરાત જ કરી છે. જમીન, ડીઝાઈન, ઉત્પાદન, વેચાણ, નફો કશું જ થયું નથી પણ તેના શેરનો ભાવ આસામાન પર જતો રહે છે. એંસી ટકા કંપનીઓ ખોટી રીતે ટ્રેડીંગ કરાવી વેલ્યુએશન વધારે છે અને લોકોને છેતરે છે. કંપનીના પ્રમોટરો એ આ વર્ષે શેરો વેચીને ૧ લાખ કરોડ એકઠા

કરી લીધા છતાં રીટેલ રોકાણકાર ઊંચા ભાવે શેર ખરીદે છે. જો કે શેરબજાર એવા પરિબળો પર કામ કરે છે જે આપણા હાથમાં હોતા નથી. શેરબજાર વૈશ્વિક બજાર, ક્રૂડના ભાવ, ડોલરના ભાવ, સરકારની પોલિસી, દેશમાં અને બહાર અચાનક રાજકીય પરિસ્થિતિમાં આવતો બદલાવ, મોટું કૌભાંડ બહાર આવવું, સ્થિર સરકાર, બે દેશો વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ વગેરે પરિબળો પર કામ કરે છે એટલે શેરબજારની કમાણી ચોક્કસ હોતી નથી.

શેરબજાર ઉપર સતત નજર રહેવી જોઈએ, અહીં કઈ મિનિટે શું થશે તેની ખબર હોતી નથી. ઘણા લોકો સવારે ૯-૧૫ વાગે ટેલિવિઝનની શેરબજારની ચેનલ શરૂ કરીને અથવા ટર્મિનલ પર બેસી જાય છે. તેઓ ૩-૩૦ વાગ્યા સુધી ત્યાંથી ખસતા જ નથી. હવે તો રાજકારણીઓ એવા નિવેદન આપે છે કે જેના કારણે શેરબજારમાં કૃત્રિમ ઉછાળો આવે છે. લોકો અંધારામાં તીર મારે છે. ભૂલથી યોગ્ય જગ્યાએ લાગે તો પોતાની જાતને અર્જુન સમજે છે. શેરબજારમાં પોતાને પ્રોફીટ થયો હોય તો બધાને કહેશે પરંતુ નુકસાન થયું હોય તો ક્યારેય કોઈને કહેશે નહીં.

એક વાત યાદ રાખો - શેરબજાર ઝડપથી અમીર બનવાનો વિકલ્પ નથી. પરંતુ લાંબા ગાળાના રોકાણ માટે શ્રેષ્ઠ છે. શેરબજાર રોકાણ માટે છે, વ્યાપાર માટે નથી. પાંચ સાત વર્ષમાં કરોડપતિ બનાવી દે એવો શેર હિન્દુસ્તાન જ નહીં, વિશ્વના કોઈપણ શેરબજારમાં અસ્તિત્વ ધરાવતો નથી. Stock market = Invest & Forget. એરકિન્ડીશન્ડ ઓફીસમાં બેસી લેપટોપ પર key દબાવીને સહેલાઈથી કમાતા રૂપિયા એ સાચો બિઝનેસ નથી. શેરબજારને લીધે મળતી પ્રતિષ્ઠા આભાસી હોય છે.

શેરબજારનો જેને વિચાર આવ્યો હશે તે દૂરંદેશી હોવો જોઈએ. શેરબજારની શરૂઆત કરનાર ગુજ્જુઓ હતા. ૧૮૪૦માં ચાર ગુજરાતી અને એક પારસી સદ્‌ગૃહસ્થ-એમ કુલ પાંચ સાહસિકોએ સ્ટોક ટ્રેડીંગના વ્યવસાયમાં ઝંપલાવ્યું. તેઓ ફોર્ટ વિસ્તારમાં હોર્નિમાન સર્કલ પાસે એક વડવૃક્ષ નીચે ભેગા મળતા. છ સાત કંપનીના સોદા કરતાં અને છૂટા પડતા. સમય જતાં તેમાં ૧૨૫ દલાલો જોડાયા. જેમાં મુખ્ય સુરતના પ્રેમચંદ રાયચંદ હતા. તેઓ બેંક ઓફ બોમ્બેના સ્થાપક હતા અને તેમણે દેશી-વિદેશી કંપનીઓમાં રોકાણ કરેલું. જુલાઈ, ૧૮૭૫માં ‘ધ નેટિવ

શેર એન્ડ સ્ટોક બ્રોકર્સ એસોસિએશન' નામ સાથે કારોબાર ખૂબ વધી ગયો. શેરબજાર હવે વડવૃક્ષથી નજીક ટાઉનહોલ પાસેના એક જૂના મકાનમાં શિફ્ટ થયું. ૧૯૨૮માં દલાલ સ્ટ્રીટ ખાતે મુંબઈનું શેરબજાર કાર્યરત થયું. આજે જોવા મળતું ૨૮ માળનું મકાન ૧૯૭૦ના અરસામાં બન્યું, જે આજે હિન્દુસ્તાનના આર્થિક બેરોમીટરનું પ્રતીક છે. એક સમયે હિન્દુસ્તાનનું સિત્તેર ટકા રોકાણ ગુજ્જુઓ પાસે હતું. ગુજરાતીઓ Money magnet છે. ગુજરાતની હવામાં પૈસા ઉછળે છે. ગુજરાતની પ્રજા બિઝનેસ અને સ્ટોક માર્કેટમાં વ્યસ્ત છે. આજે પણ શેરબજારમાં ગુજરાતીઓનો દબદબો છે. NSE એ જૂન ૨૦૨૪માં જાહેર કરેલ ડેટા પ્રમાણે સમગ્ર હિન્દુસ્તાનમાં ગુજરાતીઓ શેરબજારમાં સૌથી વધુ ૨૨.૫૭ ટકા એક્ટીવ ટ્રેડર્સ છે. ગુજરાતમાં ૮૬ લાખ લોકો શેરબજારમાં રોકાણ કરે છે. પ્રથમ નંબરે મહારાષ્ટ્રમાં ૧.૬ કરોડ લોકો શેરબજાર સાથે સંબંધિત છે. સ્ટોક માર્કેટના ટર્નઓવરમાં ગુજરાતનો હિસ્સો બીજા નંબર પર છે. ગુજરાતનું દૈનિક ટર્નઓવર ૨૬૨૦૦ કરોડનું છે. અને ગુજરાતમાં ૧૯.૩ લાખ રોકાણકાર મહિનામાં ઓછામાં ઓછું એક વખત ટ્રેડીંગ કરે છે.

એક રસપ્રદ માહિતી NSE પ્રમાણે હિન્દુસ્તાનમાં ૧૯૨૫૨ (ટપાલના) પીનકોડ છે. જેમાં ૧૯૨૧૯ પીનકોડ એવા છે કે જેમાંથી ઓછામાં ઓછો એક રોકાણકાર શેરબજારમાં છે જ. માત્ર ૩૩ પીનકોડ એવા છે જ્યાં કોઈ રોકાણકાર નથી. જે મુખ્યત્વે પૂર્વોત્તર રાજ્ય અને મધ્યપ્રદેશના આંતરિયાળ જિલ્લાના છે. ગુજરાતમાં ૧૪૧૨ પીનકોડ છે જેમાંથી ૧૪૦૭ પીનકોડમાં રોકાણકાર છે. માત્ર પાંચ પીનકોડ એવા છે જેમાંથી કોઈ રોકાણકાર NSE માં રજીસ્ટર્ડ નથી. આ પાંચ પીનકોડમાંથી ત્રણ સુરેન્દ્રનગર જિલ્લાના, એક મોરબી જિલ્લાનો અને એક અમરેલી જિલ્લાનો છે.

હિન્દુસ્તાનમાં ૧૫ કરોડ ડીમેટ ખાતા છે અને છેલ્લા ત્રણ વરસમાં વીસ લાખ જેટલા ડીમેટ એકાઉન્ટ વધ્યા. છેલ્લા ત્રણ માસ દરમ્યાન બેન્કોમાંથી ત્રણ લાખ કરોડ રૂપિયાની મૂડી લોકોએ ઉઠાવી લીધી અને આ નાણાં શેરબજારમાં ઠલવાયા.

કોરોના બાદ શેરબજાર ફાટીને ધૂમાડે ગયું છે તે જોઈને યુવાનો શેરબજાર તરફ આકર્ષાય છે. સેબીના એક અહેવાલ પ્રમાણે ઈન્ટ્રાડેનું પ્રમાણ ૩૦૦ ટકા વધી ગયું છે. જેમાં ૧૦ માંથી ૭ લોકો નુકશાન કરે છે. ચોંકાવનારી બાબત

એ છે કે ૩૦ કરતાં ઓછી ઉંમરવાળા યુવાનોનું પ્રમાણ વધ્યું છે. ૩૦ થી ઓછી ઉંમરના ૪૮ ટકા લોકો ઈન્ટ્રા ડે કરે છે જેમાંથી ૮૧ ટકા નુકસાન ભોગવે છે. આ યુવાનો બીજું કશું કામ કરતા જ નથી. ૨૦૨૩માં શેરબજારમાં રોકાણ કરનારની એવરેજ ઉંમર ૩૮ હતી જે ૨૦૨૪માં ૩૨ની થઈ ગઈ છે. શેરબજારમાં મહિલાઓ પણ પાછળ નથી. દર પાંચમાંથી એક રોકાણકાર મહિલા છે. આ ગાડરીયા પ્રવાહને અટકાવવા માટે નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટમાં STCG અને LTGC પર ટેક્સ વધારી દીધો છે પણ ટ્રેડીંગ વધતું જ જાય છે.

જો કે શેરબજારનું આકર્ષણ એટલા માટે છે કે તેમાં સૌથી વધુ રીટર્ન મળી રહે છે. અત્યારે શેરબજારમાં ૧૨ ટકાનું રીટર્ન મળી રહ્યું છે તેની સામે એફડીમાં ૭%, સોનામાં ૯% અને રીઅલ એસ્ટેટમાં ૧૦% રીટર્ન મળે છે.

શેરબજારમાં બે પ્રકારના વ્યક્તિ હોય છે – એક, જેની પાસે વધારે પૈસા છે. બે જેની પાસે પૈસા નથી અથવા ઓછા પૈસા છે. વધારે પૈસાવાળો રોકાણ કરે છે અને વર્ષે ૧૦ થી ૧૨ ટકા રીટર્નની અપેક્ષા રાખે છે. ઓછા પૈસાવાળો ટ્રેડીંગ કરી પૈસા કમાવાનું સ્વપ્ન સેવે છે. વોરેન બફેટ કહે છે–શેરબજાર એ ઉતાવળિયા લોકોના નાણાં, ધીરજવાળાના લોકો પાસે ટ્રાન્સફર કરવાની ડીવાઈસ છે.

શેરબજારની સૌથી રમૂજી બાાબત એ છે કે જ્યારે એક માણસ ખરીદતો હોય છે ત્યારે બીજો વેચતો હોય છે અને બન્ને સમજે છે કે એ હોંશિયાર છે. તમારે લાંબા સમય માટે રોકાણ કરવું હોય તો રીઅલ એસ્ટેટમાં જમીન–દુકાન–મકાન ખરીદો ૫–૭ વર્ષ માટે રોકાણ કરવું હોય તો શેર ખરીદો અને તેનાથી ઓછા સમય માટે રોકાણ કરવું હોય તો બેંકમાં એફ.ડી. મુકો.

ખરી વાત એ છે કે પેસો કમાવવો અઘરો છે, પૈસો બચાવવો તેનાથી મુશ્કેલ કામ છે, પૈસાનું રોકાણ કરવું તેનાથી ય અઘરું કામ છે.

શેરબજાર એક JOURNEY છે, જેનું અંતિમ સ્ટેશન ક્યારેય આવતું નથી.

મને ઘણીવાર વિચાર આવે છે–જો આ શેરબજાર ન હોત તો આપણું શું થાત ?

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

# વીગનિઝમ - અહિંસક જીવનશૈલી



સને ૨૦૦૯માં હું અને મારા પત્ની ત્રણ મહિનાથી અમેરિકાની યાત્રા પર હતા. કેલિફોર્નીયામાં ફ્રીમોન્ટમાં અમારી દીકરીને ત્યાં હતાં. અમે જોયું કે અમારા જમાઈ વીગન હતા. તેઓ દૂધ કે દૂધની બનાવટવાળી કોઈ વસ્તુ લેતાં નહોતાં. તે મધ પણ લેતાં નહીં. ચામડાની કોઈ વસ્તુ પણ વાપરતા નહી. મેં વીગન શબ્દ સાંભળ્યો ન હોતો. હું વીગનિઝમથી પરિચિત ન હોતો, મને કહેવામાં આવ્યું કે પ્રાણીઓ દ્વારા ઉત્પન્ન થતી વસ્તુઓ પ્રાણીઓ માટે છે, આપણે તેનો ઉપયોગ ન કરવો જોઈએ. વળી આપણા વપરાશને કારણે વધુ ઉત્પાદન લેવા પ્રાણીઓ પર ક્રુરતા આચરવામાં આવે છે. તેથી પણ માનવીય સંવેદનાને કારણે પ્રાણીઓ પર ક્રુરતા ન થાય તે માટે વીગન બનવું જરૂરી છે. મારા જમાઈ ચૂસ્તપણે વીગન હતા અને તેથી દરેક ચીજમાં દૂધનો અંશ નથી તેની ખાત્રી કરીને જ તે ચીજનો ઉપયોગ કરતા હતાં.

મને ત્યારે સમજાયું કે શાકાહારી એટલે કે વેજીટેરીયન હોવું અને વીગન હોવું તેમાં તફાવત છે. શાકાહારી આહાર લેનાર અને માંસાહાર ન કરનાર, વિશેષમાં દૂધ કે દૂધની બનાવટોનો ત્યાગ કરે તે જરૂરી છે.

૨૦૦૯માં મારી ઉંમર ૭૦ વર્ષની હતી. મેં મારી ૭૦ વર્ષની ઉંમરમાં ભરપૂર દૂધ પીધું હતું. મારી ૩૦ વર્ષની ઉંમર સુધી તો ચ્હા પણ ન હોતી પીધી. સવારે વહેલા અને રાત્રે સૂતી વખતે દૂધનો ગ્લાસ ગટગટાવી જતો હતો. દૂધની બનાવટો, શ્રીખંડ, મીઠાઈ વગેરે ખાવાનો મને ભારે શોખ હતો. છતાં કોણ જાણે કેમ મેં નિર્ણય જાહેર કર્યો કે એક મહિના માટે હું વીગન બનીશ.

મેં દૂધ, મીઠાઈ, આઈસ્ક્રીમ ખાવાનું છોડી દીધું. મહિના પછી મને મારી તંદુરસ્તી સુધરતી લાગી. તેથી મેં ત્રણ મહિના માટે વીગન થવાનું નક્કી કર્યું

અમેરિકાનો પૂરો વસવાટ મે દૂધ અને મનગમતા આઈસ્ક્રીમ ખાધા વીના પૂર્ણ કર્યો. મારી તબિયત મને સુધરતી લાગી તેથી ભારતમાં આવીને મે સંકલ્પ કર્યો કે હું વીગન જ રહીશ.

આજે એ વાતને ૧૫ વર્ષ વીતી ગયા છે. હું દૂધ, આઈસ્ક્રીમ કે દૂધની બનાવટો નથી લેતો. પ્રથમ ૧૦ વર્ષ હું બહુ ચુસ્ત હતો. હા, છેલ્લાં પાંચ વર્ષથી હું કોઈક વાર દહી અથવા દૂધ કે ઘી વપરાયું હોય તેવી મીઠાઈ ચાખી લઉં છું. પરંતુ ૧૫ વર્ષથી મને પ્રિય એવાં દૂધ કે આઈસ્ક્રિમ નથી લીધા.

આ જીવનશૈલીનો મને ભરપૂર ફાયદો થયો છે. મારી ૭૦ વર્ષની ઉંમર સુધી મેં ઘણી શારીરિક તકલીફો વેઠી હતી. મારા પેટમાં ગરબડ હતી અને મારું પાચનતંત્ર નબળું હતું. આર્થરાઈટીસના કારણે ૫૮ વર્ષની ઉંમરે ઘૂંટણના સાંધા બદલાવ્યા હતાં. ૬૬ વર્ષની ઉંમરે બાય–પાસ સર્જરી કરાવી ચાર નળીઓ દુરસ્ત કરાવવી પડી હતી. હું ખૂબ જ પ્રવૃત્તિશીલ જીવન જીવતો હતો. પરંતુ ડૉક્ટર, દવાના સહારે શારીરિક તકલીફો સાથે જીવતો હતો.

આ પંદર વર્ષમાં પેટની તકલીફ ઘણી ઓછી થઈ છે. નિયમિત રીતે સ્ફુર્તિપૂર્વક મારું કાર્ય કરી શકું છું. કોઈ માંદગી આવી નથી. ડૉક્ટર પાસે જવું પડ્યું નથી. મારી નિયમિત દવાઓ લેતો હતો તેથી વિશેષ દવા લેવી પડતી નથી. ૮૫ વર્ષે પણ કાર્યરત છું. હું વકીલાત, સામાજિક સેવા અને લેખન વાંચન નિયમિતપણે કરું છું.

આ બધું માત્ર મારા વીગન થવાના કારણે જ થયું છે એમ હું નથી કહેતો. મેં છેલ્લા ૧૫ વર્ષમાં વકીલાતનું કામ ઓછુ કરી સ્ટ્રેસ ઘટાડ્યો છે. બહારગામ કે પરદેશ જવાનું ઓછું કરી આરામદાયક સમય વિતાવ્યો છે. વાંચન અને લેખન પ્રવૃત્તિ વધારી આનંદને બેવડાવ્યો છે. રોટરી કલબ, મહેસાણા અને સિનિયર સિટિઝન કાઉન્સિલમાં સક્રિય રહીને મિત્રતાના આનંદને માણ્યો છે. સર્વમંગલમ્ આશ્રમની પ્રવૃત્તિઓ સાથે જોડાઈને મનને શાંત કર્યું છે. આ બધાના કારણે મને લાભ થયો છે, પરંતુ વીગનિઝમનો મહત્વનો ફાળો છે એમ હું માનું છું.

આ બધું ચિંતન ચાલતું હતું ત્યારે મુંબઈના શ્રી હર્ષદ પારેખનું નાનકડું લખાણ વાંચવા મળ્યું તે કહે છે, "વીગનિઝમમાં ફુડ માત્ર ૨૦ ટકા, બાકી મન–વચન–કર્મથી અહિંસક જીવનશૈલી મહત્વની છે."

હર્ષદ પારેખ અને તેમનાં પત્નિ છેલ્લાં ૩૪ વર્ષથી ચૂસ્તપણે વીગન છે. તે 'વીગન વીઝન' મુંબઈના પ્રમુખ છે. તે વીગનિઝમનો પ્રચાર અને પ્રસાર કરી રહ્યા છે.

હર્ષદ પારેખ કહે છે "વીગન હોવાના કારણે પર્સનલી મને ખૂબ બેનીફીટ થયો છે. બેનીફીટ બધી રીતનો–ફીઝીકલ, મેન્ટલી, સ્પીરીચ્યુઅલ અને ફાઈનેન્સિયલ. મારા જેવા અનેકને આ ફાયદા થયા છે એ પ્રુવન ફેક્ટ છે."

તે વિશેષમાં લખે છે, "વીગન થવાની વાત આવે ત્યારે શું ખાવું અને શું ન ખાવું એની વાતોમાં જ મોટાભાગનું ડીસ્કશન સમાઈ જાય. પણ, હકીકતમાં વીગનિઝમમાં ફુડ તો માત્ર ૨૦ ટકા જ હિસ્સો ધરાવે છે. ૮૦ ટકા ભાગ આપણે મન, વચન, કાયાથી જે કરીએ છીએ, બોલીએ છીએ, વિચારીએ છીએ એ એનો ભાગ છે. અહિંસક, ઈગોલેસ, ટ્રુથફુલ અને પ્રામાણિક જીવન જીવવું. આપણાં વિચારો, પ્રવૃત્તિઓ, વાતો, કર્મો એવાં હોવા જોઈએ કે જે કોઈનેય હાનિ ન પહોંચાડે.

અંતમાં તેઓ કહે છે. "આપણે ગુજરાતીઓ મોટા ભાગે વેજીટેરીયન છીએ. તેમને માત્ર દૂધનું એડીક્શન છે. હું કહેતો હોઉં છું કે માત્ર ૨૧ થી ૩૦ દિવસ માટે દૂધ લેવાનું બંધ કરો. મોટા ભાગે આટલા સમયમાં દૂધના એડીક્શનમાંથી બહાર આવી જવાશે. દૂધની આદતમાંથી છૂટશો એ પછીના અનુભવો પણ અદ્‌ભૂત હશે તેની ખાતરી આપું છું."

શ્રી હર્ષદ પારેખની વાત સાથે હું સહમત છું. ખોરાક ઉપરાંત આપણી અહિંસક જીવનશૈલી પણ મહત્વની બાબત છે.

અહિંસક, ઈગોલેસ, ટ્રુથફુલ અને પ્રામાણિક જીવન જીવવાનો આપણો પ્રયત્ન હોવો જોઈએ. તે માટે પ્રાણીમાત્ર પ્રત્યેની સંવેદના અને દૂધ તથા દૂધની બનાવટોનો

ત્યાગ જરૂરી છે.

આ લેખ લખતો હતો ત્યારે અખબારમાં ભારતની સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ધનંજય યશવંત ચંદ્રચુડની મુલાકાત વાંચવા મળી. આ સંવેદનશીલ વ્યક્તિએ બે પુત્રો હોવા છતાં બે દિવ્યાંગ દીકરીઓ પ્રિયંકા અને માહીને દત્તક લીધી છે. બન્ને દીકરીઓની શારીરિક તકલીફ અને વ્હીલચેરમાં ફેરવવી પડતી હોવા છતાં તેમનો લાગણીપૂર્વક સરસ ઉછેર કરવામાં આવ્યો છે. પત્રકારે પૂછ્યું કે બે તેજસ્વી દીકરીઓ હોવા છતાં તમે કેમ બે દીકરીઓને દત્તક લીધી? તેમણે કહ્યું, “બન્નેનો સારો ઉછેર કરવા અમે દત્તક લીધી છે. અમારા જીવનનો તે આનંદ છે.” વિશેષમાં તેમણે કહ્યું કે મને પ્રાણીમાત્ર પ્રત્યે સંવેદના છે. હું ચૂસ્તપણે વીગન છું. હું દૂધ કે દૂધની બનાવટો નથી લેતો. વળી, પ્રાણીના અંગના ઉપયોગવાળી કોઈ વસ્તુ વાપરતો નથી. શ્રી ચંદ્રચુડના આ વિચારો વાંચી તેમના માટેનું માન વધ્યું.

જો કે હજુ સુધી દુનિયામાં વીગનિઝમનો બહુ પ્રચાર થયો નથી. અમેરિકામાં એક અભ્યાસ પ્રમાણે ૧% લોકો વીગન છે અને તેઓ માટે વીગન સ્ટોર અને રેસ્ટોરાં છે. ભારતમાં પણ લગભગ ૧% લોકો જ વીગન છે તેવો અંદાજ છે. દુનિયાભરમાં પણ લગભગ નજીવા પ્રમાણમાં લોકોએ આ ખ્યાલ સ્વીકાર્યો છે. પરંતુ છેલ્લાં થોડાં વર્ષોમાં આ બાબતે વિશેષ જાગૃતિ આવતી હોય તેવું જણાય છે.

આપણાં ગુજરાતીઓ માટે વીગન જીવનશૈલી બહુ મુશ્કેલ નથી. આપણે શાકાહારી છીએ. સ્વભાવ પણ હિંસાથી દૂર રહેવાનો છે. તેથી માત્ર દૂધ અને દૂધની બનાવટોનો ત્યાગ કરવો જરૂરી બને છે. તેમ છતાં મન પણ નિર્મળ બનશે. મન, વચન, કાયાથી અહિંસક બનવામાં સરળતા રહેશે. ઘણાં લોકોના અનુભવને આધારે આપણે કહી શકીએ કે વીગન થવાથી અને અહિંસક જીવનશૈલી અપનાવવાથી જીવન ઉજળું બને છે. ચાલો, આપણે એ દિશામાં પ્રયત્ન કરીએ.

**- શરદભાઈ પી. શાહ, મહેસાણા**
**પૂર્વ તંત્રી તથા ટ્રસ્ટી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૭ ૩૬૭૬૫**

# ગુજરાતના વૈષ્ણવો - ૨



## શ્રીમહાપ્રભુજીની એક સેવિકા

આ સેવિકા બ્રાહ્મણ હતી. તે ખેરાલુમાં રહેતી હતી. તેના લગ્ન તેની જ જ્ઞાતિના બ્રાહ્મણ સાથે થયા હતા. આ બ્રાહ્મણ મહાદુષ્ટ હતો. તે કોઈ પણ સાધુ, સંત, પંડિત, બ્રાહ્મણ કે વૈષ્ણવને માનતો ન હતો. ખેરાલુમાં કોઈ આવે તો તેને દુઃખી કરી મુક્તો. રાત્રીના સમયે તે ચોરી કરાવતો. આ રીતે આવનારને તે લૂંટી લેતો હતો. આમ તે ભગવદ્ધર્મનો વિરોધી હતો.

એક સમયની વાત છે. શ્રીમહાપ્રભુજી તે વખતે અડેલ બિરાજતા હતા. ત્યાંથી આપશ્રી દ્વારકા પધારવા નીકળ્યા. દ્વારકા જતાં જતાં થોડા સમય માટે આપશ્રી ગુજરાત પધાર્યા. ખેરાલુ ગામમાં પધાર્યા. તે વખતે ગામ બહાર એક બગીચો હતો તેમાં મુકામ કર્યો. શ્રીમહાપ્રભુજી અહીં નિત્ય શ્રીભાગવત કથા કરતા. શ્રીસુબોધિનીજીની કથા કરતા.

આ બ્રાહ્મણ સ્ત્રી આ સ્થળે જળ ભરવા આવી. તેણે આપશ્રીના મુખે શ્રીસુબોધિનીજીની કથા શ્રવણ કરી. તે સમયે તે કથામાં યજ્ઞપત્નીનો પ્રસંગ ચાલતો હતો. તેણે તે પ્રસંગ સાંભળ્યો, તેથી તે ખુબ પ્રસન્ન થઈ ગઈ. આથી તેણે શ્રી આચાર્યજીને બે વિનંતી કરી (૧) મને સેવક કરો (૨) અહીં રહેશો નહીં. શ્રીમહાપ્રભુજી તેનું કારણ પૂછે છે. તે કહે છે કે મારો પતિ મહાદુષ્ટ છે. તે જાણશે કે આપ બહારથી પધાર્યા છો તો તે રાતના સમયે ચોરી કરાવશે અને લૂંટશે.

શ્રી આચાર્યજી તેને કહે છે “તે શું લૂટવાનો? તું ઘરે જઈ તેને કહેજે કે આચાર્યજી બાગમાં આવ્યા છે.”

સેવક કરવાની વિનંતીના જવાબમાં આપશ્રી કહે છે કે તું દૈવી જીવ છે. પણ તારો પતિ ધર્મનો વિરોધી છે એટલે હમણાં જ તને શરણે કઈ રીતે લેવાય ?

તે સ્ત્રી પૂછે છે કે મહારાજ! ક્યારે શરણે લેશો ?

શ્રીઆચાર્યશ્રી આજ્ઞા કરે છે કે હવે તને બે દિકરા થશે. તે પછી પાંચમા વર્ષે તારો પતિ મૃત્યુ પામશે. તે પછી તું અડેલ આવજે હું તને સેવક કરીશ. હમણાં સેવક કરવું ઉચિત નથી. તે સ્ત્રી વલ્લભને દંડવત કરે છે. જળ ભરીને ઘરે આવે છે. તેના પતિને કહે છે કે શ્રી આચાર્યજી પધાર્યા છે. શ્રીમહાપ્રભુજી ત્રણ રાત્રિ ખેરાલુમાં રહે છે. બાઈના પતિએ સાંભળેલું છતાં તે ગયો નહીં. ત્રણ દિવસ પછી શ્રી આચાર્યજી દ્વારકા દર્શન માટે પધાર્યા.

એક વર્ષ બાદ તે બાઈને પુત્ર થયો. તેનું નામ નરહરિ જોષી રાખ્યું. ત્રીજા વર્ષે બીજો પુત્ર થયો. તેનું નામ જગન્નાથ જોષી રાખ્યું. આ રીતે પાંચ વર્ષ વિતી ગયા – તે વખતે એક સન્યાસી ખેરાલુ આવ્યો. બીજા બ્રાહ્મણો સાથે ચર્ચા–વાર્તા કરી. તે જ રાત્રે પેલી બ્રાહ્મણ સ્ત્રીનો પતિ તે સન્યાસીને લૂંટવા ગયો. તે સન્યાસી પાસે એક હથિયાર હતું. તેનાથી તેણે બ્રાહ્મણને માર્યો. બ્રાહ્મણ તેથી મરી ગયો. આનાથી સન્યાસી ડરી ગયો અને ગામ છોડીને ભાગી ગયો.

સવારે ગામના લોકોએ આ જાણ્યું. જ્ઞાતિના બ્રાહ્મણો એ મળીને પેલા બ્રાહ્મણના અગ્નિસંસ્કાર કર્યા. હવે તે બ્રાહ્મણ સ્ત્રીને શ્રીમહાપ્રભુજીના કહેલા વચનો યાદ આવ્યા. આપે કહ્યું હતું કે તારે બે દિકરા થશે અને પાંચ વર્ષ પછી તારો પતિ મૃત્યુ પામશે. બ્રાહ્મણી વિચારે છે કે તીર્થયાત્રા કરુ અને અડેલ જઉં. ત્યાં શ્રી આચાર્યજીની સેવિકા બનું.

તેની પાસે દ્રવ્ય ઘણું હતું. તેમાંથી થોડું દ્રવ્ય ઘરમાં રાખી એક પ્રામાણિક માણસને સોંપ્યું અને તેના બે પુત્રોને પણ ઘરમાં જ રાખ્યા. તે એકલી થોડું દ્રવ્ય સાથે રાખી ગાડી ભાડે કરીને પ્રયાગ આવી. અહીં સ્નાન અને દાન–પુણ્યનું કાર્ય કરી અડેલ આવી.

શ્રીઆચાર્યજીને દંડવત કર્યા અને વિનંતી કરી કે આપે પાંચ વર્ષ પહેલાં જે કહેલું તેવું જ બન્યું. બે પુત્ર થયા. પતિ પણ મૃત્યુ પામ્યો. હવે મને પ્રતિબંધ નથી. આપ સાક્ષાત પુરુષોત્તમ જ છો. મારો જન્મ વૃથા ગયો. હવે મને શરણે લો.

શ્રી મહાપ્રભુજી તેને શ્રીજમુનાજીમાં સ્નાન કરાવે છે અને પછી નિવેદન કરાવે છે અને ભગવદ્ સેવા કરવાની આજ્ઞા કરે છે. શ્રીમહાપ્રભુજીના કહેવાથી પ્રયાગમાં જાય છે. ત્યાં એક કંસારાની દુકાને જઈ ન્યોછાવર (કિંમત) આપી એક ઠાકોરજી લે છે. તે લઈને શ્રીઆચાર્યજી પાસે આવે છે. શ્રી આચાર્યજી તે શ્રીઠાકોરજીને પંચામૃતથી સ્નાન કરાવે છે અને તેના માથે પધરાવી આપે છે.

અહીં તે બાઈ શ્રીમહાપ્રભુજી પાસે પુષ્ટિમાર્ગની રીત સીખે છે. પછી ખેરાલુ પાછી આવે છે. ખૂબ જ રાજવી પ્રભાવથી પ્રેમપૂર્વક શ્રીઠાકોરજીની સેવા કરે છે. આથી પ્રસન્ન થઈ શ્રીઠાકોરજી તેને સાનુભવ કરાવે છે.

યજ્ઞપત્નીનો પ્રસંગ : શ્રીમદ્ભાગવતના દસમ સ્કંધમાં આવે છે. શ્રીઠાકોરજી સખા સાથે વનમાં ખેલે છે. ભૂખ બધાને લાગી છે. આ વાતની ખબર પડતાં આ સ્ત્રી શ્રીઠાકોરજી માટે ભોજન લઈ જાય છે. તે વખતે તે બધા સ્ત્રીઓના બ્રાહ્મણપતિઓએ ભોજન લેવા આવેલ સખાઓને ના પાડી હતી. તે બધા યજ્ઞ કરતા હતા.

નોંધ : ૮૪ વૈષ્ણવની વાર્તાના પુસ્તક આધારે લખાયું છે. ખેરાલુમાં શ્રીમહાપ્રભુજીના બેઠકજી બિરાજે છે. નરહરિ જોષી અને જગન્નાથ જોષીના વંશજો જો ત્યાં સેવા કરે છે.

**- ડો. પિયુશ પરીખ, ભરુચ-પાટણ**
**મો. ૯૮૨૫૦૪૪૩૭૦**

**ભૂલ સુધારણા**

જુલાઈ–૨૪ના અંકમાં પાના નં ૩૨ ઉપર યમુનાવાડી, પાટણ ને મળેલ દાનની વિગતમાં નીચે પ્રમાણે નામ વાંચવુ.

રૂ. ૬૨,૦૦૦–૦૦ સ્વ. નિરંજનાબેન કાંતિલાલ શાહના પુત્રી હીનાબેન દ્વારા તેમના માતા–પિતાના તૈલચિત્રો મુકવા ચેક મળ્યો છે.

## Forensic Science - The fastest growing world.



Crime and human evolution go hand in hand. Ever since the earth started evolving, crime rate started expanding.

There is no extent upto which a human brain can reach, to think of new possible ideas of committing an offence. This gives rise to more number of modus operandi. Investigation of these crimes requires evolution of technology at the fastest pace. This gives rise of to the world of *Forensic Science.*

**What is Forensic Science?**

An applied science which helps in solving of crime and serving justice or any science used for the purposes of the law.

There is absolutely no field which does not require Forensic Science. Few of the fields include Forensic Accounting, Forensic Psychology, Digital Forensics, Forensic Anthropology, Forensic Ballistics, Cyber Forensics and many more.

**How is Forensic Science used for criminal investigations?**

Forensic science provides the criminal justice system with evidence that could be used to convict a suspect when an eyewitness is not present.

**Who is a Forensic Scientist and what do they do?**

A forensic scientist is a scientist whose knowledge is used to help lawyers, juries, and judges to understand the results of scientific tests. Forensic Scientist examine and analyze items in question or evidences

provided to them. They conduct appropriate tests/analyses and document the process to interpret the results and document the steps followed to reach the conclusion.

Further, testify in court as an Expert Witness.

**Why Forensic Science?**

Forensic science is a critical element of the criminal justice system. Examination and analysis of evidence from crime scenes and elsewhere are used to develop objective findings that can assist in the investigation and prosecution of perpetrators of crime or absolve an innocent person from suspicion.

**Future of Forensic Science.**

Forensic Science has a promising future as new methods , technologies and scientific advancements create new possibilities that have not yet been imagined. Hence, in the future it will not only focus on reconstruction of crime scene and interpreting of evidence from a crime scene, but will also have the capability to "out-wit crime" and create a more dynamic forensic science.

**- Riddhi Bhavesh Shah**

**Bhuj, Kachchh**


**લગ્ન વિષયક**

બરોડાસ્થિત ૨૫ વર્ષીય યુવતી (સી.એ. ઈન્ટર) માટે યોગ્ય યુવકના બાયોડેટા આવકાર્ય છે.

વજન: ૬૦ કિલો, ઉંચાઈ: ૫' ૬"

સંપર્ક: રૂપેશ શાહ: મો. ૯૪૨૭૭ ૧૦૭૮૧

# ભગવાન પરનો ભરોસો



આપણે જો કોઈને એમ પૂછીએ કે તમને ભગવાન પર કેટલો ભરોસો છે તો લગભગ બધા જ એવું કહશે કે પુરે પૂરો. જો તમને આ પ્રશ્ન પૂછવામાં આવે તો તમારો જવાબ પણ આ જ હશે. પણ, ખરેખર આપણે ભગવાન પર સંપૂર્ણ વિશ્વાસ રાખીએ છીએ ?

હું તમને એક અદ્ભુત વાર્તા કહેવા માંગુ છું જે મને થોડા વર્ષ પહેલા વાંચવા મળી હતી.

બે ખૂબ ઊંચા ટાવર હતા. બંને વચ્ચે ૧૦૦ ફૂટનું અંતર હતું. એક વ્યક્તિએ જમીનથી ૨૦૦ ફૂટ ઉપર ટાવરના ટેરેસ વચ્ચે બાંધેલા દોરડા પર ચાલવાનું શરૂ કર્યું. તેના ખભા પર તેનો પુત્ર બેઠો હતો. બંને ટેરેસ પર બેઠેલા લોકો તેને અધ્ધરશ્વાસે જોતા હતા અને તણાવમાં હતા. પણ, તે માણસ ધીમે ધીમે અને આત્મવિશ્વાસથી હાથમાં લાંબી લાકડી સાથે સંતુલિત દોરડા પર ચાલી રહ્યો હતો. તે સફળતાપૂર્વક ચાલીને બીજા ટાવર સુધી પહોંચ્યો. બધાએ તાળીઓ પાડી, સીટી વગાડી અને તેનું સ્વાગત કર્યું. ઘણાએ તેની સાથે હાથ મિલાવ્યા અને તેની સાથે સેલ્ફી લીધી.

તેણે ભીડને પૂછ્યું, "શું તમે બધા વિચારો છો કે હવે હું આ બાજુથી તે બાજુએ આજ દોરડા પર પાછો ફરી શકું?" ટોળાએ બૂમો પાડી "હા, હા, તમે કરી શકો છો." "તમને મારા પર વિશ્વાસ છે?" તેણે પૂછ્યું તેઓએ કહ્યું "હા, હા અમે તમારા પર દાવ લગાવવા તૈયાર છીએ." તેઓ બધા આત્મવિશ્વાસ ધરાવતા હતા કારણ કે તેઓએ જોયું હતું કે તે તેના પુત્ર સાથે કેટલો વિશ્વાસ અને સરળતાથી ચાલ્યો હતો.

તેણે કહ્યું "ઠીક છે, કોઈ પોતાના પુત્રને મારા ખભા પર બેસવા આપી શકે?" હું તેને સુરક્ષિત રીતે બીજી બાજુ લઈ જઈશ.

બધા બિલકુલ મૌન થઈ ગયા. વાતાવરણમાં સ્તબ્ધતા છવાઈ ગઈ. આ સવાલ તેણે ૨-૩ વાર પૂછ્યો પણ કોઈ તૈયાર ન થયું.

તમારી જાતને એક ક્ષણ માટે ભીડના એક ભાગ તરીકે કલ્પના કરો. તમારો જવાબ શું હશે? શું તમે તમારા પુત્રને આપવા તૈયાર છો?

મોટે ભાગે ના.

જ્યાં સુધી તે માણસ તેના પોતાના પુત્રને ખભા પર લઈને ચાલતો હતો ત્યાં સુધી લોકોને તેના પર પૂરો વિશ્વાસ હતો. જે ક્ષણે તેણે તેઓના પુત્રોને ખભા પર બેસાડવા કહ્યું, ત્યારે તે બધા પાછળ હટી ગયા. આપણે માનીએ છીએ કે ભગવાન બધું કરી શકે છે પરંતુ આપણે ખરેખર તેના પર વિશ્વાસ કરતા નથી. આપણે ઈચ્છીએ છીએ કે ભગવાન આપણને સામેના ટાવર પર લઈ જાય પરંતુ તેના ખભા પર બેઠા વિના. આપણે આપણા તરફથી એટલી પણ મહેનત કરવા કે જોખમ લેવા માંગતા નથી.

આપણા નજીકના સગામાં કે મિત્ર વર્તુળમાં ક્યારેક કૈંક ખરાબ થાય તો આપણે તેને સલાહ આપીએ છીએ કે ભગવાન જે કરે છે તે આપણા સારા માટે જ કરે છે પણ જો આપણી સાથે કૈંક ખરાબ થાય તો? જે આપણા માટે યોગ્ય નથી થતું તે માટે આપણે દુ:ખી થઈએ છીએ અથવા ઉદાસ રહીએ છીએ અને ભવિષ્યની ચિંતા કરતા રહીએ છીએ. જો ભગવાન પર પૂર્ણ વિશ્વાસ હોય તો આવી ચિંતા થવી જોઈએ? જો આપણે સફળતા સાથે સામે ના ટાવર પર જવું હોય તો થોડું જોખમ, થોડો પરીશ્રમ, થોડી તકલીફો માટે તૈયાર ના રહેવું જોઈએ? જો થોડી નિષ્ફળતાઓ મળે ત્યારે આપણો ભગવાન પરનો ભરોસો, આપણી જાત પરનો વિશ્વાસ કેમ ડગી જાય?

જો આપણે ભગવાન પાર સંપૂર્ણ વિશ્વાસ રાખતા હોઈએ તો
ચિંતા કરવી એ ભગવાનનું અપમાન છે
ભગવાન પ્રત્યે સંપૂર્ણ શરણાગતિની જરૂર છે.

**– નીતિન શાહ (અમદાવાદ)**

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

# બાળ સંસ્કાર વિભાગ

## પ્રકૃતિ પ્રેમી રાજુ



રાજુને શાળામાં વેકેશન હોવાથી ગામડે દાદાના ઘરે આવ્યો હતો, તેને તો ગામડે ખૂબ મજા આવતી હતી. વેકેશન પડે એટલે મમ્મી–પપ્પા સાથે ગામડે ફરવા માટે ચોક્કસ આવી જ જવાનું. શહેરમાં મોડો ઉઠતો રાજુ, સૂર્યોદયના દર્શન કરવા માટે જાતે જ વહેલો ઊઠીને ખેતરે દાદા સાથે ઉપડી જતો. ગામડાંનું વાતાવરણ તેને જાણે સ્વર્ગનગરીની સફર કરાવતું હતું. રાજુ પ્રકૃતિ પ્રેમી હતો, જ્યારે પણ ગામડે આવે ત્યારે ગાય, બળદને જાતે જ ઘાસચારો આપે, તેમને પંપાળે. રાજુ પક્ષીઓનો મધુર કલરવ સાંભળવા દૂર દૂર સુધી દાદા સાથે જતો અને દાદાને ખેતીવાડીમાં મદદ પણ કરાવતો.

રાજુએ દાદાને પૂછ્યું, "દાદા, તમે આટલી ઉંમરે પણ ખેતરમાં કેટલી મહેનત કરો છો! તમને જોઈને મને ખૂબ જ ખુશી થાય છે."

દાદાએ કહ્યું, "બેટા રાજુ, જો અહીં આ કુદરતી વાતાવરણમાં જીવવાની અને પ્રકૃતિ માટે કામ કરવાની મજા જ કંઈક અલગ હોય છે. સ્વચ્છ ખોરાક, સ્વચ્છ પાણી, સ્વચ્છ હવા, મારા શરીરને તંદુરસ્ત રાખે છે. જેથી, હું આ ખેતરને હંમેશા હર્યું–ભર્યું રાખી શકું છું. આ જો આપણા ખેતરમાં કેવા સરસ આંબા પાક્યા છે? તને ભાવે છે ને?"

રાજૂ બોલ્યો, "હા, દાદા. આ આંબા તો બહુ જ મીઠા હોય

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

છે, મને બહુ ભાવે છે. ગામડાનું આ વાતાવરણ પણ મને બહુ ગમે છે. શહેરનું પ્રદુષિત વાતાવરણ મને નથી ગમતું.”

આમ બોલતાં બોલતાં રાજુ તો આંબાના ઝાડ પર ચડી ગયો અને દાદાને બોલાવવા લાગ્યો, “જુઓ, દાદા અહીં તો કેટલી બધી ચકલીઓ છે! મેં તો આટલી બધી ચકલીઓને એક સાથે આજે જ જોઈ.”

દાદા બોલ્યા, “હા, બેટા. અહીં તો ચકલીઓએ તેમનો માળો બનાવ્યો છે. ત્યાં પેલા ચીકુના ઝાડ ઉપર પણ ચકલીઓના માળા છે, કબૂતરના પણ માળા છે, જો પેલી કોયલનો ટહુકો તે સાંભળ્યો ?” .... રાજુ બોલ્યો, “એ હા, દાદા. કોયલનો ટહુકો કેટલો મીઠો લાગે છે! દાદા, હું મોટો થઈશ ત્યારે પણ આ બધું આવું જ હશે ?”.... દાદાએ કહ્યું, “જો રાજુ, તારે જો તું મોટો થાય ત્યારે બધું આવું આમ જ જોઈતું હોય ને, તો એક કામ કર. અહીં તું તારું મનગમતું ઝાડ ઉગાડ. તે ઝાડ પણ તારી સાથે જ મોટું થતું જશે, એટલે તું જ્યારે મોટો થઈશ ત્યારે તે ઝાડના ફળ તું ખાઈ શકીશ. અને ત્યારે પણ ચકલીઓના માળા, કબૂતરના માળા તને જોવા મળશે, ત્યારે પણ કોયલ આવા જ ટહુકા કરતી હશે.”

ત્યાં જ રાજુ ઝાડ પરથી નીચે ઉતરીને દાદા પાસેથી કોદાળી લઈને ઝાડ વાવવા માટે ખાડો કરવા લાગ્યો અને તેણે ડઝનબંધ આંબા, ચીકુ અને બીજા છોડ વાવી દીધાં. ખુશીથી છલકાતો રાજુ, ભવિષ્યમાં પણ તેને આવા જ પ્રકૃતિના રંગો ચોક્કસ માણવા મળશે, તેમ વિચારતો દાદાનો હાથ પકડીને ઘર તરફ ચાલવા લાગ્યો.

– રિપલકુમાર પરીખ, અમદાવાદ

મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.


# Flowers

Flower flower everywhere,
In Gardens till where you can stare,
Amazing flowers like rosemary,
To me it looks like a fairy.
When spring arrives, flowers shine,
Dancing while looking divine,
When rain comes pouring down the sky,
Flowers bloom about to fly.
Flowers bloom with a sound of swish !
Granting us our biggest wish,
Butterflies sit on beautiful bloomed flower,
Giving us our greatest power.
WOW ! They are such a beauty to my eyes,
It feels like I have earned myself a great prize,
Flowers are so colourful.
They make the world beautiful,
The beautiful fragrance of flowers,
Can make your heart fill with joy for hours.
Flowers are the apple to my eye.
I love flowers till the sky.
Oh ! The beautiful flowers of the world.
Their beautifulness make me smile,
Thank you God for this lovely nature.
To me you are the greatest creator.

**- Khushi K. Parikh**
**Standerd 5**

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ

## Laws of Life



Once a scientist and his son went in a garden. The person sat on a bench and his son went to play with some other kids. The other did not allow him to play saying that he was not capable of it. The boy requested too much. But then 1 boy from the group started bullying him. Upset and irritated, the boy came back and complained to his father that the boys are not allowing to play with them. The father saw what had happened. He said the boy was Jumping too much. He thinks he is very high in the sky. You should not play with him. His son said nothing. He had a ball and he was tossing it in the air. Every time he tossed the ball came down. He asked in the eagerness of an answer, "why does the ball come down when I toss it up ?" His father said,"Newton's law of gravity the earth attracts it towards itself. In short, everything you throw up comes down until you apply upward force on it." The boy then asked; some minutes before you said that the boy that was bullying me was too high in the sky, why doesn't he fall ? His father did not understand. A man standing a side the bench saw all this and called the boy and said"the boy who was bullying you was quite boastful so your father said he was flying in the sky. The boy is just like the ball when you go up you come down. But unlike the ball, where you can visually see it there you need to feel it, understand it. And this, frankly speaking might be the laws of life. You jump too high, you fall too hard." The scientist was stunned to hear the answer. Never be too proud of yourself such that you forget to keep your feet on ground.

\- પ્રિયાંશ પરીખ

# ભગવાન કે ઘર દેર હૈ...



આના હૈ તો આ, રાહમે કુછ ફેર નહીં હૈ ।
ભગવાન કે ઘર દેર હૈ, અંધેર નહીં હૈ ।
...આના હૈ તો આ

"મમ્મી તમે શું બોલી રહ્યા છો એની તમને સમજ પડે છે? મને તો 30 વર્ષે વિચાર આવે છે કે તમે મારી સગી માતા છો કે ઓરમાન માતા છો !!!" વૈશાલી ખૂબ જ ગુસ્સામાં સવિતાબેનને બોલી.

"અને પપ્પા ! તમારી તો હું લાડકી દીકરી હતી ને? તે છતાં તમે એક પરાઈ વ્યક્તિની જેમ સાંભળી રહ્યા છો? આવું સાંભળીને તમારું લોહી ઉકળી નથી જતું?"

કલ્પેશભાઈ પણ નીચું મોઢું રાખીને સવિતાબેનની વાત સાંભળી રહ્યાં હતાં.

વાત જાણે એમ હતી કે આજથી દસ વર્ષ પહેલાં વૈશાલીનાં લગ્ન સુબોધ સાથે થયા હતા. વૈશાલી એક પ્રાઈવેટ કંપનીમાં મેનેજરની post પર હતી. તેની આવડત અને લગનથી એણે કંપનીમાં પોતાનું સ્થાન અને સન્માન મેળવ્યું હતું. સુબોધ એક અલ્લડ સ્વભાવની વ્યક્તિ હોવાથી એણે કદી પણ પોતાની કેરિયરની તરફ ધ્યાન નહોતું આપ્યું. કોઈ પણ નોકરીમાં એ સ્થિર ન હોતો થઈ શક્યો. તે છતાં પણ વૈશાલી ઊંચા હોદ્દા પર અને સારો પગાર લાવતી હોવાથી તેમનો ઘરસંસાર ચાલ્યે રાખતો હતો.

વૈશાલીને પોતાની position નું બિલકુલ પણ અભિમાન ન હોતું અને ખૂબ જ સંસ્કારી હોવાથી એ સુબોધને સંભાળી લેતી. લોકો સુબોધ માટે કંઈ પણ કહે તો તે સુબોધનો પક્ષ લઈને બધાનું મોઢું બંધ કરી દેતી. એને સુબોધ માટે અસીમ પ્રેમ હતો અને સુબોધની સંભાળ લેવામાં ક્યારેય એ પાછી ન પડતી. એને ઓછું ન આવે એની સંભાળ ખૂબ રાખતી.

વૈશાલીના સાસરીપક્ષમાં નજીકના કોઈ ખાસ સંબંધી ન હોવાથી એણે લોન લઈને પોતાનાં મા-બાપનાં ઘર પાસે ઘર લઈ લીધું કે જેથી કરીને જરૂર પડે ત્યારે એ લોકોની મદદ લઈ શકાય. એમાં પણ એને એની નાની બહેન અમી પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. અમી પણ બહેન અને જીજાજીની લાડકી હોવાથી વૈશાલીનાં ઘરે ખૂબ જ અવરજવર કરતી અને એનાં નાનામોટાં કામ કરીને વૈશાલીનાં ઘરની

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ખૂબ જ સંભાળ રાખતી.

એવામાં વૈશાલીની ડીલીવર આવવાની હોવાથી અમી બહેનનાં ઘરની દરેકે દરેક વસ્તુઓની સંભાળ રાખતી. વૈશાલીને સમયસર દવાઓ આપવી, નવી નવી વાનગીઓ ખવડાવવી, સુબોધની સંભાળ રાખવાની વગેરે કામોમાં દિવસ આખો પસાર થઈ જતો અને વૈશાલીનાં ઘેર લક્ષ્મીજી પધાર્યા. બધાંએ ખૂબ જ આનંદથી લક્ષ્મીજીને વધાવ્યા અને શ્વેતા નામ રાખ્યું, એ પણ અમીના આગ્રહથી જ.

શ્વેતાનાં જન્મનાં થોડા મહિનાઓ બાદ ફરીથી વૈશાલીને મહિના રહી ગયા અને એની તબિયત પણ થોડી ઘણી ખરાબ થવા લાગી. શરીર લેવાતું જતું હતું એટલે એણે અમીને પોતાની પાસે બોલાવીને કહ્યું.

“અમી, જોને તારા જીજાજી તો આમ પણ ઘર તરફ ધ્યાન નથી આપતાં અને હું પણ શ્વેતા સાથે આટલી જવાબદારી નથી સંભાળી શકતી તો તું મારો સમય સાચવી લેને બહેન !”

“દીદી તમે બિલકુ ચિંતા ન કરો, હું બધી જવાબદારી સંભાળી લઈશ.” અમી એ જવાબ આપ્યો. હવે તો અમી ઘણુ ખરું વૈશાલીનાં ઘેર જ રહેવા લાગી અને કાંઈ જરૂર હોય તેમજ એની મમ્મીના ઘેર જતી.

દિવસો જતાં સુબોધ અને વૈશાલીનાં ઘેર બીજા લક્ષ્મીજીની પધરામણી થઈ અને બધાએ મળીને એને પણ હર્ષથી વધાવી અને અમીનાં આગ્રહથી સુનયના નામ રાખ્યું.

થોડા સમય બાદ વૈશાલીએ પાછી office join કરી. ઘરની વ્યવસ્થા અને બંને દીકરીઓની સંભાળ રાખવામાં એને અમીનો ખૂબ જ સાથ હતો. જોતજોતામાં પાંચ વર્ષનો સમય ક્યાં વીતી ગયો એની ખબર જ ન પડી.

એક દિવસ વૈશાલીની તબિયત થોડી બગડી ગઈ એને ચક્કર આવવા લાગ્યા એટલે office માં જણાવીને બપોરે જ નીકળી ગઈ. રીક્ષાવાળાને પૈસા ચુકવી છુટા પૈસા પાછા લેવાની દરકાર ન કરી અને ઘર તરફ દોડી ગઈ. દરવાજાનો બેલ વગાડવાની રાહ જોયા વગર પોતાના પર્સમાંથી ચાવી કાઢીને ઘર ખોલ્યું. દરવાજો ખોલતાની સાથે એને બેડરૂમમાંથી હસવાનો અવાજ સંભળાયો. નજીક જઈને જોયું તો દરવાજો સહેજ અટકાવેલ હતો. મનમાં જાતજાતનાં વિચારો સાથે એણે બેડરૂમનો ખોલ્યો તો સુબોધ અને અમીને કઢંગી હાલતમાં જોઈ હેબતાઈ ગઈ.

“અમી... સુબોધ... આ શું !!!” એમ ચીસ પાડીને દરવાજો બંધ કરી

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

કીચન તરફ દોડી ગઈ. સુબોધ અને અમી પણ વૈશાલીને જોતાં અવાચક થઈ ગયાં.

થોડી વાર પછી બંને સ્વસ્થ થઈને બહાર નીકળ્યા પરંતુ બંનેમાંથી કોઈના પણ ચહેરા પર શરમની કે કાંઈ ખોટું થયું હોવાની રેખા નહોતી! વૈશાલી એ ગુસ્સામાં અમીને કહ્યું "અમી તને લાજશરમ જેવું કાંઈ છે કે નહીં. તારી જ બહેનને પીઠ પાછળ દગો આપ્યો ! તને તો મારી બહેન કહેવામાં પણ મને શરમ આવે છે"

અમી ચુપચાપ સુબોધની બાજુમાં ગોઠવાઈ ગઈ અને ઈશારો કરીને સુબોધને જવાબ આપવા કહ્યું. સુબોધ એને ઈશારાથી શાંત રહેવા કહ્યું અને વૈશાલી તરફ જોઈને બોલ્યો, "જો વૈશાલી, અમે બંને બહુ વખતથી વિચારતા જ હતા તને કઈ રીતે વાત કરીએ. પરંતુ જ્યારે હવે બધું તારી નજર સમક્ષ જ છે ત્યારે તને કહી જ દઉં છું કે અમે બંનેએ સાથે સંસાર માંડવાનું નક્કી કર્યું છે. એકબીજા વગર અમે રહી નહીં શકીએ. તારે હવે અમને રાજીખુશીથી રજા આપવાની છે કે કોર્ટ–કચેરીના ચક્કમાં પડવું છે એ તારે નક્કી કરવાનું છે."

"સુબોધ, તને ભાન છે કે તું શું કહી રહ્યો છે? આપણા આટલા વર્ષોનો લગ્નજીવન અને બે દીકરીઓનાં જન્મ પછી પણ તને આવો વિચાર કેમ કરતાં આવ્યો? મારાથી મોટી ભૂલ થઈ ગઈ કે અમીને મેં આપણા ઘરમાં સ્થાન આપ્યું અને એના ભરોસે ઘર છોડીને હું આપણો સંસાર વ્યવસ્થિત ચાલે એટલે કામ કરવા લાગી. એક કર્તવ્યનિષ્ઠ પત્નિની જેમ મેં તારી નબળાઈઓને નજરઅંદાજ કરી એ મારી પહેલી ભૂલ અને મારી પ્રાણપ્યારી બહેન પર ભરોસો રાખ્યો એ મારી બીજી ભૂલ."

"પરંતુ, હવે હું આ નહીં ચલાવી લઉં. અમી! તું અત્યારેને અત્યારે જ મારા ઘરમાંથી બહાર નીકળ. હું હમણાં જ મમ્મી પપ્પા પાસે આવીને તારી complain કરીશ અને તારા કારનામાની એ લોકોને જાણ કરીશ. બીજી વખત આ ઘરમાં પગ મુકવાની હિંમત પણ નહીં કરતી સમજી!"

સુબોધે અમીને સંબોધન કરતાં કહ્યું – "અમી અત્યારે તું ઘરે જા, હું તને ત્યાં આવીને મળીશ."

ભલે કહેતાં જ અમી પોતાનું પર્સ લઈને ત્યાંથી વિદાય થઈ ગઈ.

આ બાજુ વૈશાલી પહેલાં તો માથુ પકડીને સોફા પર પછડાઈ પછી પોતાનાં મગજને શાંત કરવા પ્રયત્ન કર્યો. ત્યાર બાદ એણે સુબોધને બાજુમાં બેસાડીને

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

શાંતિથી કહ્યું "સુબોધ, આપણા લગ્નજીવનને દસ વર્ષ પૂરા થયા છે. આટલા વર્ષો દરમ્યાન મેં ક્યારેય તને ઓછું ન આવે એની પૂરી કાળજી લીધી છે. તને મારા તરફથી એવું તે શું ઓછું પડ્યું કે તું મારી જ બહેનને મારી શોક્ય બનાવવા માગે છે ?"

"વૈશાલી, મને તારા માટે કોઈ ફરિયાદ નથી, પરંતુ હું અમી વગર રહી શકું એવી કોઈ જ શક્યતા નથી. જો તું અમને રાજીખુશીથી સંસાર માંડવા દે તો ઠીક છે, બાકી અમારો નિર્ણય અફર છે અને એટલું સમજી લે કે અમે પરણ્યા વગર પણ સાથે રહી શકીશું. તારાથી જે થાય તે કરી લેજે અને હાં ! બીજી એક વાતનો ખુલાસો કરવા દે - તારા જ મમ્મી પપ્પાએ પણ અમને પરવાનગી આપી દીધી છે. ફક્ત તને દુઃખ ન પહોંચે એટલે અત્યાર સુધી વાત ખાનગી રાખી હતી. માટે તને એમ હોય કે તું તારા મમ્મી પપ્પાને અમારી compalin કરશે તો એ લોકો તારો સાથ આપશે તો એ શક્ય નથી."

વૈશાલી માટે આ બીજો મોટો આંચકો હતો. ઘરની એક નાની રૂમમાં જ્યાં મંદિરની સ્થાપના હતી એમાં દોડી ગઈ અને દરવાજો બંધ કરીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. થોડી વાર પછી એ શાંત થઈ અને સંધ્યા સમય થઈ ગયો હોવાથી ઘરમાં દીવા-બત્તી કરીને નજીકનાં ગાર્ડનમાં આંટો મારવા બહાર નીકળી ગઈ. રાતનાં મોડેથી ઘેર આવી અને બહાર સોફા પર સુઈ ગઈ. મન ખૂબ જ અસ્વસ્થ હોવાથી એ ભવિષ્યનાં વિચારો કરતી ખૂબ મોડી રાત્રે નિંદ્રાદેવીને આધીન થઈ.

બીજા દિવસે એણે ઓફિસમાં ફોન કરીને જણાવ્યું કે તબિયત સારી ન હોવાથી ત્રણ-ચાર દિવસ એ duty પર નહીં આવી શકે. પછી તૈયાર થઈને બાજુમાં રહેતા મમ્મી પપ્પાને ઘેર પહોંચી.

સવિતાબેન અને કલ્પેશભાઈને અંદાજો તો હતો જ કે એકના એક દિવસ આ પરિસ્થિતિનો સામનો કરવો પડશે. પરંતુ એ દિવસ આટલો જલ્દી આવશે એનો અમને અંદાજ ન હોતો. એમણે વૈશાલીને બેસાડી પાણી આપ્યું અને ઠંડા દિમાગે જે કાં બન્યું એના પર વિચાર કરવા જણાવ્યું. "જો વૈશાલી, તું અમારી મોટી દીકરી છે તારી અને અમી વચ્ચે અમારે પ્રેમનો તોલમાપ કરવાનો ન હોય. જેટલો અમને તારા પ્રત્યે પ્રેમ છે એટલો જ અમી પ્રત્યે પણ છે."

"તો શું મમ્મી, તમે અમીને તમારી મોટી દીકરીનું ઘર ભાંગવાની પણ પરવાનગી આપશો એ તો આંધળો પ્રેમ છે તમારો?" વૈશાલી ગુસ્સામાં બોલી.

"જો બેટા અમને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે અમે બંનેએ અમીને

સમજાવવાની ખૂબ જ કોશિષ કરી. પરંતુ એ લોકો પોતાનાં નિર્ણય પર અફર છે અને અમે સહમતિ નહી આપીએ તો એ બંનેએ આત્મહત્યા કરવાની પણ તૈયારી બતાવી છે. તું જ કહે વૈશાલી આવું ન બનવાનું બને તો પછી આપણે ક્યાંયના ના રહીએ એટલે અમે પણ કાંઈ કહીના શક્યા અને અમારી ચુપકીને એ લોકોએ અમારી સંમતિ માની લીધી. હવે તું જ કહે કે આમાં હવે શું થઈ શકે ?"

"ઠીક છે મમ્મી હવે જ્યારે તમે બંને એ તમારી મજબૂરી બતાવી છે તો મારેજ મારી જીંદગીનો નિર્ણય કરવાનો છે. બે દિવસ હું મારી બંને દીકરીઓ સાથે અમદાવાદમાં મારી friend વાસંતીના ઘેર જાઉં છું. રવિવારે પાછી આવીશ. એ બંનેને જણાવી દેજે કે મારું ઘર ખાલી કરીને જ્યાં જવું હોય ત્યાં જાય. આજ પછી મારે અમી અને સુબોધ સાથે કોઈ જ સંબંધ નથી. મારે આગળ શું કરવું એ નિર્ણય હું લઈશ. અને હાં મા–બાપ તરીકે પણ હું તમારી સાથે સંબંધ નહીં રાખું અને આજ પછી તમે પણ મારી તરફથી કોઈ અપેક્ષા રાખતા નહીં." આટલુ બોલીને વૈશાલી ત્યાંથી સડસડાટ નીકળી ગઈ.

પોતાના ઘેર પહોંચી એણે બંને દીકરીઓને તૈયાર કરી. પછી કબાટમાંથી બેગ કાઢીને જોઈતો સામાન ભર્યો. ઘરને લોક કરી અને એક Extra તાળુ મારીને ચાવી લઈને બહાર નીકળી ગઈ.

બહાર નીકળતા જ જે પહેલી Taxi દેખાઈ તેમાં બેસી ગઈ. "બોમ્બે સેન્ટ્રલ લે ચલો" એમ ડ્રાઈવરને કહીને બંને દીકરીઓ સાથે પાછળની સીટ પર ગોઠવાઈ ગઈ.

તરત જ તેણે પોતાની ખાસ સહેલી વાસંતીને ફોન લગાવ્યો.

"વાસંતી, હું અને મારી બંને દીકરીઓ અત્યારે Bombay central પહોંચી રહ્યા છીએ. જે ટ્રેન મળશે એ ટ્રેનમાં અમદાવાદ પહોંચીએ છીએ. તારા ઘરે આવીને હું તને દરેક વાત વિસ્તારપૂર્વક સમજાવીશ. જે ટ્રેનની ટિકિટ મળશે એ હું તને whatsapp કરીશ. કુલિનભાઈને કહેજે કે બની શકે તો મને pickup કરવા સ્ટેશન પર આવે. ચાલતો પછી રૂબરૂ મળીને વાત કરશું."

ટ્રેનમાં સીટ મળતાં જ એણે બંને દીકરીઓને સુવડાવી દીધી અને પોતે ભવિષ્યનાં વિચારોમાં ખોવાઈ ગઈ. જે પણ પરિસ્થિતિ આવી છે એનો હિંમતથી સામનો કરીશ એ દૃઢનિશ્ચય સાથે પોતે પણ નિદ્રાધીન થઈ ગઈ.

વાસંતીના ઘેર પહોંચતા જ બંને સહેલીઓ એકમેકને ભેટી અને પછી સહુએ

મળીને ચા–નાસ્તાને ન્યાય આપ્યો.

"વૈશાલી, તું અહીં આવી એ મને ખૂબ જ ગમ્યું છે પરંતુ તારા અચાનક આવવાના નિર્ણયે મને ખૂબ ચિંતિત કરી છે. અમને સમજાવીને કહે કે એવી તે કેવી પરિસ્થિતિ નિર્માણ થઈ કે તારે આવો નિર્ણય લેવો પડ્યો?"

વૈશાલીએ પણ સ્વસ્થચિત્તે વાસંતીને તે વિગતવાર વાત કરી. વાસંતી અને કુલિન તો આ વાત સાંભળીને હેબતાઈ જ ગયા પરંતુ પછી વૈશાલીને હિંમત આપતા કહ્યું કે–"તું જરા પણ ચિંતા ન કરીશ આપણે આનો જરૂર કોઈ માર્ગ કાઢીશું."

"કુલિનભાઈ, મારે હવે મુંબઈમાં નથી રહેવું અને અહીં અમદાવાદમાં જ સેટલ થવું છે. મારું અહીં આવવાનું પ્રયોજન એ પણ છે કે અમારી અમદાવાદ ઓફિસની બ્રાંચમાં મને ટ્રાન્સફર મળી શકે એમ છે. તો તમે મને અહીં ભાડેથી જગ્યા અપાવો. મારા મુંબઈનાં ફ્લેટને પણ હું ભાડા પર આપી દઈશ. મારી બંને દીકરીઓનાં એડમિશન પણ અહીં થઈ જાય એમાં મને મદદ કરજો."

"જરૂર વૈશાલી ! તું નિશ્ચિત થઈ જા. બધું પાર પડી જશે." કુલિને જવાબ આપ્યો અને બે દિવસ પછી વૈશાલી મુંબઈ જઈ થોડા દિવસમાં બધું જ કામ પાર પાડીને પોતાનો સરસામાન લઈને પાછી અમદાવાદ આવી ગઈ. જીંદગી ધીમે ધીમે થાળે પડી ગઈ અને વૈશાલી બંને દીકરીઓ સાથે નવી જીંદગીમાં ગોઠવાઈ ગઈ. મુંબઈનાં દરેક સંબંધો પર એણે પૂર્ણવિરામ મુકી દીધો હતો. જીંદગી તરફ એને કોઈ જ ફરિયાદ નહોતી.

આમને આમ સાત વર્ષ વીતી ગયા. એક દિવસ ઓફિસથી પાછી ફરી ઘરે આવતી હતી ત્યાં રસ્તામાં જ એને વાસંતીનો ફોન આવ્યો.

"વૈશાલી, તું અત્યારે જ મારે ઘેર આવીજા." "પણ શું થયું ? આમ અચાનક તું મને કેમ બોલાવે છે ? બધું ઠીક છે ને.""એ બધું પછી પરંતુ તું અત્યારે જ અહીં આવીજા." કહીને વાસંતીએ ફોન મૂકી દીધો.

મનમાં ઉઠતા અનેક પ્રશ્નો સાથે જ્યારે એણે વાસંતીના ઘેર પહોંચીને જોયું તો એને ખૂબ મોટો આંચકો લાગ્યો. મુંબઈથી એના મમ્મી–પપ્પા આવીને વાસંતીના ઘેર બેઠા હતાં.

"વાસંતી, આ લોકો અહીં કેમ આવ્યા છે ? તું એમને કહી દે કે મારે એમની સાથે કોઈ જ સંબંધ રાખવો નથી !"

"વૈશાલી, તું પહેલા એક વખત એમની વાત સાંભળી લે. પછી તું જે કહેશે

એ મંજુર છે.

"બોલો મમ્મી ! હજુ પણ કાંઈ બાકી રહ્યું છે ? મારા તરફથી હજુએ તમારી કોઈ અપેક્ષા છે ?"

"વૈશાલી, હું જાણું છું કે અમે તારા ગુનેગાર છીએ અને અમારો ગુનો અક્ષમ્ય છે. પણ જ્યારે ભગવાને અમને એની સજા આપી ત્યારે અમને ખબર પડી કે અમે તારી સાથે કેટલો મોટો અન્યાય કર્યો છે?"

"મમ્મી હું બધું જ ભુલીને મારી નવી જીંદગીમાં સેટલ થઈ ગઈ છું અને આ બાબત પર હું કોઈ જ ચર્ચા કરવા માગતી નથી તો બસ હવે રજા લઉં છું."

"અરે બેટા, સાંભળતી જા કે અમે અહીં કેમ આવ્યા છીએ. બે મહિના પહેલાં અમી અને સુબોધ કામપરથી ઘરે આવતા હતા ત્યારે એમની કારનો એક ટ્રક સાથે અથડાઈને ભયંકર એક્સિડંટ થયો. સુબોધને તો મામુલી ઈજા થઈ પરંતુ અમીનું તો on the spot મૃત્યુ થયું છે. સુબોધ આઘાતમાંથી બહાર નથી નીકળતો. અમે બેઉ હાથ જોડી તારી માફી માંગીએ છીએ અને તને વિનંતી કરીએ છીએ કે આવીને સુબોધને સંભાળી લે."

"અરે વાહ મમ્મી! તમે તો ખુબ જ ગણતરી બાજ નીકળ્યાં ને? હે ભગવાન! તે મને આવા સ્વાર્થી મા-બાપને ત્યાં જન્મ કેમ આપ્યો? જુઓ મમ્મી જે કાંઈ પણ બન્યું એનું દુઃખ મને ચોક્કસ છે. પરંતુ તમે શું મને એક રમકડું સમજો છો, કે તમે મને જેમ નચાવશો તેમ નાચીશ? હું મારી દુનિયામાં ખુબ જ સુખી છું અને મારો વિશ્વાસઘાત કરનાર સુબોધ સાથે મારે હવે કોઈ જ સંબંધ રાખવો નથી. એની જીંદગીમાં પાછી ફરવાનું હું મારા સ્વપ્નમાં પણ ન વિચારી શકું. તમે એને કહી દેજો કે કોઈ બીજી અમીને શોધી લે. મારી જીંદગીમાં એનું કોઈ જ સ્થાન નથી."


એમ કહીને એ સડસડાટ ત્યાંથી નીકળી ગઈ અને એના મા-બાપ મોઢું વકાસીને એને જોઈ રહ્યાં. બાજુની સોસાયટીનાં માઈક પર વાગતા ગીતનાં શબ્દો એમને કાને પડ્યા.

"આના હૈ તો આ રાહમે કુછ ફેર નહીં હૈ !
ભગવાન કે ઘર દેર હૈ, અંધેર નહીં હૈ !
આના હૈ તો આ...

**- હેમા જગત દલાલ, મુંબઈ**
**મો. ૯૮૨૦૬ ૮૯૯૮૯**

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

# સંયુક્ત કુટુંબ વિભક્ત કુટુંબ



પરમાત્મા કોઈ વ્યર્થ વસ્તુનું નિર્માણ કરતાં જ નથી. જીવનમાં પ્રાપ્ત થયેલું કંઈ પણ તમને કષ્ટદાયક જણાય, જીવન માટે બિનઉપયોગી લાગે, તો માનજો કે તેનો સાચો ઉપયોગ કરવાનું તમને આવડ્યું નથી. તેને માટે પૂરી ક્ષમતા આપીને પરમાત્માએ મનુષ્યને મોકલ્યો છે. જરૂરત છે ફક્ત એ ક્ષમતાનો સમ્યક ઉપયોગ શીખી લેવાનો.

છેલ્લા ઘણા વર્ષોમાં ઓછા–વત્તા આધુનીકરણ અને પશ્ચિમી જગતની રહેણીકરણી આપણા જીવનમાં બહું ઝડપથી પ્રસરતી ગઈ છે. એના દેખાદેખીમાં આપણા હાલના સંસારમાં ઝઘડા, વેરવૃત્તિ, લાલચ, પાપાચાર, અનીતિ, હિંસા, કુટુંબ વિચ્છેદ, લગ્નજીવનની પાયમાલી અને કુટુંબ ભાવનાનો અભાવ તે મોખરાનું સ્થાન બની ગયું છે. એટલે જ આ એકવીસમી સદીમાં ના જોવાનું જોવું પડે છે. ગરીબી, પીડા, સ્વાસ્થ્ય કથળવું, ખાવાપીવામાં નવા નવા ચસ્કા–આ સમસ્યાઓનો હવે કોઈ ઉકેલ પણ દેખાતો નથી. સૌ અલગ અલગ પોતપોતાના મંતવ્ય અને અભિપ્રાય પ્રમાણે પોતાની જીંદગીનું મુલ્યાંકન કરે છે.

આજે કોઈને સમૂહમાં રહેવું નથી. એનું કારણ છે કુટુંબ ભાવનાની લુપ્તતા. આજનો યુવાનને લગ્ન થતાં જુદું જ રહેવું છે એથી કરીને પોત–પોતાના નજીવા સ્વાર્થ ખાતર સંયુક્ત કુટુંબ તૂટતા જાય છે. ઘણી સમસ્યાઓ એવી છે કે કુટુંબથી જુદા રહેવા માટે લોકો પોતાના વતનને પણ ત્યજી દીધા છે. પછી ભલે ગમે તે બહાના હેઠળ આ કાર્ય કર્યું હોય.

સમૂહમાં આપણાં મા–બાપ, ભાઈ–બહેનો સાથે રહેતા હતાં. વડીલોના આશ્રયે માન–મરતબો, વિનય, સંપ હતો. પાંચ માણસોમાં એનું ઘર પૂજાતું. ત્યારે સંયુક્ત કુટુંબ હતા તેવા ઘણા ઘરમાં ૨૦ થી ૨૫ વ્યક્તિ એક રસોડે જમતા તો પણ ક્યાંય કોઈ વસ્તુની ઓછપ નથી આવતી. એવી જ રીતે ધંધામાં પણ ૩–૪ ભાઈઓ હોય. જે મળે તેમાં સૌને સંતોષ હતો. એટલે જ ઘરમાં પણ રિદ્ધિ–

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

સિદ્ધિનો વાસ હતો. પિતા–માતા–પુત્ર–પૌત્ર–પ્રપૌત્રો સૌ એકબીજાની હૂંફમાં રહેતા. ખર્ચ ઓછો, બચત વધુ. સંતોષની આહ્‌લાદકતા હતી. આજે આવા સ્નેહાળ–પ્રેમાળ, સંપથી રહેતા કુટુંબો કેટલા?

સંયુક્ત કુટુંબોમાં મોભીની આવકથી ઘર એક છત્ર નીચે ઢંકાઈ જતું. હવે મોભીની કિંમત જ નથી રહી. સર્વ દોષો સર્વમાં પડ્યા–પાથર્યા જ છે. એમાં બે મત નથી. સંયુક્ત કુટુંબ તૂટતા ઘણી બધી સમસ્યાઓ સર્જાઈ, પરંતુ એ સમસ્યાનો સૂરજ દેખાતો જ નથી. મોઘવારીના કાળા ડિબાંગ વાદળોમાં સંયુક્ત કુટુંબો લગભગ અદૃશ્ય થઈ ગયા છે.

અત્યારે વિભક્ત કુટુંબમાં એટલા અણબનાવ વધી ગયા છે એની કલ્પના તમે નહીં કરી શકો. એકબીજાનાં સ્વભાવને અનુકૂળ થતા નથી. પછી એમાં કોઈ પણ સમાજના હોય પણ વધુનેવધુ કલેશ–કુસંપ જોવા મળે છે. આ બધા કારણોથી જ છૂટાછેડા, આપઘાત અને લાલચના પ્રમાણ અત્યંત વધી ગયા છે. એનું કારણ એક જ છે નવી પેઢીને એકદમ સ્વતંત્રતા જ જોઈએ છે. કોઈની દખલગીરી તે સહન નથી કરી શકતા. આ અનર્થકારી ઘમંડ એ જ વિભક્ત કુટુંબનો સ્વભાવ બની ગયો છે. પરંતુ તેનાથી વિભક્ત કુટુંબની સમસ્યા હલ થતી જ નથી.

ખરેખર સંયુક્ત કુટુંબને ઓળખો. સંયુક્ત કુટુંબ માટે સગા–સ્નેહી, ભાઈ–બહેનોમાં વાત્સલ્ય ભાવ કેળવાશે તો જ આપણી આવતી પેઢીમાં આપણી સંસ્કૃતિ જીવંત રહેશે. નહીંતર તે પણ પ્રેમ–હુંફ–લાગણીથી વંચિત રહેશે.

ગામડા પડી ભાંગ્યા એનું કારણ એ નથી કે ત્યાં નાના ઉદ્યોગો નથી રહ્યાં. આજે ગ્રામ્યજીવન ઘણું જ વિકસિત થઈ ગયું છે. આને ગ્રામ્યજીવન જેટલું શાંત સરળ તથા ભાવનાવાળું હજુ પણ છે. તેવું શહેરોનું બિલકુલ નથી જ. આપણે જોઈએ છીએ કે શહેરોમાં કોઈને કોઈની પડી નથી. શિક્ષણ ગમે તેટલું આગળ વધ્યું પરંતુ શિક્ષિત થયેલાં બાળકોમાં આપણા સંસ્કારોના મૂળભૂત ગુણો વિકસિત થતાં નથી. મહત્વકાંક્ષા વધી જવાને કારણે પરણીને એમનાં સ્વપ્ન હોય છે કે છોકરાને પરદેશ મોકલવા અને કોઈને પોતાના વાંક–ગુના દેખાતા નથી. બધા લોકશાહી કુટુંબમાં પણ દેખાવા લાગ્યું છે. કોઈને કોઈની વ્યવસ્થામાં રસ નથી રહ્યો.

સ્વ. દિનેશભાઈ બાલુભાઈ પરીખ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

સમય ફરતો ગયો. અભ્યાસ ઉચ્ચસ્તરનો થતો ગયો. લોકો જૂની ઘરેડમાંથી નીકળવા માંડ્યા છે. વિદેશમાં અને મોટા શહેરમાં બંગલા-ફલેટના ઝાકળઝમાળ વાળા થયા છે. મોટર-સ્કુટરે આદિ મોભાનું પ્રતિક બની ગયા છે. ભણેલો વર્ગ સારા પગાર ધોરણવાળો થયો છે. ભણતરને હિસાબે ઘણા ગામમાંથી શહેરોમાં આવા માંડ્યા. ઓછામાં વધુ ત્યાં મોંઘવારીના હિસાબે સૌ ભાઈઓ અલગ થવા માંડ્યા. બહેનો પણ પરણી ગઈ અને સાસરે ચાલી ગઈ. ત્યાં પણ આજ ક્રમ લાગુ થઈ ગયો છે. આ સમયમાં ઘણા પરિવારો એકમાંથી અનેક થઈ ગયા. એટલે જ આજ વિભક્ત કુટુંબ થવાનું કારણ થયું.

જતું કરવાની ભાવનાવાળા સભ્યો સંયુક્ત કુટુંબમાં રહી શકે છે. તેથી જે કોઈ જતું કરે છે તેમની જીત થાય છે. એટલે જ આવા મોભીથી કુટુંબની શોભા વધે છે.

**- દિલીપ શાહ, મુંબઈ**
**મો. ૯૬૮૯૯ ૧૨૧૪૮**


**VBN VAISHNAV BUSINESS NETWORK**
**Are You Looking For Growth of Your Business!**

Join One and Only Professional Business Network for Vaishnav Vanik.

**વૈષ્ણવ છે તો વેપાર છે | Check our Chapters**

Ahmedabad
Vrundavan | Gokul | Dwarka | Govardhan

Vadodara
Mathura | Champaran | Barsana

Bharuch | Anand | Rajkot | Surat
Anyor | Nandgaon | Jatipura | Giriraj

Rashmi Shah - 9825522004 Gaurang shah - 9825065939 Chitrang Shah - 9408771747 Jatin shodhan - 9824168901
Nitin shah - 9426050577 Dhaval shah - 9909949454 Hemant Shah - 9824040046 Saurin Shah - 9825061716

www.vbnnetwork.in

**GOVERNING TEAM:** KUSHAL SHAH | JAY SHAH | DHRUMIL SHAH

ધીરેનભાઈ કાંતિલાલ પરીખ પરિવારના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

## શબ્દ વ્યુહ-૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | ■ |
| ૭ | | | ■ | ૮ | | | | ૯ |
| | ■ | ૧૦ | | | | ■ | ૧૧ | |
| ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ | ■ | |
| ■ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | |
| ૧૭ | | ૧૮ | ■ | ■ | ૧૯ | | | ■ |
| ૨૦ | | | ■ | ૨૧ | | ■ | ૨૨ | |
| ■ | ૨૩ | | ૨૪ | ■ | ૨૫ | ૨૬ | ■ | ■ |
| ૨૭ | | ■ | ૨૮ | | ■ | ૨૯ | | |

**આડી ચાવી :** (૧) સતત, નિરંતર, અવિરત–૪ (૪) દેવું, ઋણ–૩ (૭) સો લાખ–૩ (૮) આવવું જવું તે–૫ (૧૦) ઓળખાણ, સહવાસ–૪ (૧૧) સંજ્ઞા, ઓળખ–૨ (૧૨) પહેરેગીર–૨ (૧૩) લીન, આસક્ત–૨ (૧૪) શર, તીર–૨ (૧૫) કૃપા, દયા–૩ (૧૭) અંધારું, અજ્ઞાન –૩ (૧૯) પેટ, હોજરી–૩ (૨૦) સુંવાળું, મુલાયમ–૩ (૨૧) વિષ, ઝેર–૨ (૨૨) કૃશ, પાતળું–૨ (૨૩) માથું, શિર્ષ–૩ (૨૫) અભીપ્રાય, વોટ–૨ (૨૭) પતિ, ધણી–૨ (૨૮) મુરબ્બી, પાલક–૨
(૨૯) કમોસમી વરસાદ–૩

**ઊભી ચાવી :** (૧) પક્ષાઘાત–૩ (૨) કાદવ, કીચડ–૨ (૩) વરસાદમાં રક્ષણ કરે એવી શણની એક મોદ–૪ (૪) લશ્કરી તાલીમ, પરેડ–૪ (૫) ધાબળો, નસ, શિરા–૨ (૬) ગંગાને મળનારી એક નદી, કાલિંદી–૩ (૮) વર્તણૂક, ચરિત્ર, અમલ–૪ (૯) નમન–૪ (૧૨) ચકમકની

અંતિમક્રિયા માટે ગેસ અને વિધુત ચિતાના ઉપયોગ માટે આગ્રહ રાખોઃ પ્રિયમુખ

છાંટવાળો આરસપહાણ–૬ (૧૫) સાધુનો આશ્રમ–૨ (૧૬) નવાઈ, આશ્ચર્ય–૩ (૧૭) શરીર, દેહ્–૨ (૧૮) સઘળું, તમામ–૩ (૧૯) ઘા, ઈજા–૩ (૨૪) પ્રતિકૂળ પવન–૨ (૨૬) પરવા, દરકાર–૨

## શબ્દ વ્યુહ–૧ ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | મ | ન | | કે | દા | ર | ના | થ |
| | ક | સ | મ | | ન | સ | | થ |
| ખ | સ | લ | ત | | ત | ક | રા | ર |
| બ | દ | | લ | પ | | સ | ગ | ડો |
| ર | | દા | બ | ડો | | | ડો | |
| દા | મ | ન | | શી | ત | લ | | ચ |
| ર | જ | ત | | | મ | બ | લ | ક |
| | હ | | પા | છ | રૂ | | વા | ચા |
| ખ | બ | ર | પ | શ્રી | | ઉ | દ | ર |

પરિણામ :

બધા ખરા : પ્રદીપ આર. શાહ, ભૂજ

૧ ભૂલ : પ્રેરણાબહેન પરીખ, મુંબઈ

૩ ભૂલ : દીપકભાઈ દલાલ, મુંબઈ

શબ્દવ્યુહ–૨ ના જવાબો વોટસએપ દ્વારા તા. ૩૦–૯–૨૦૨૪ સુધીમાં શ્રી સુધીરભાઈ પી. શાહને મો. ૧) ૯૭૨૬૦ ૪૦૨૬૨ ૨) ૮૭૫૮૩ ૩૪૩૪૭ પર મોકલી આપવા.

## અભિનંદન



ભરુચ બસ સ્ટેન્ડ નજીક ૨૦૭ શોપ, થિયેટર અને ગેમઝોન ધરાવતું સીટી સેંટર છે. તેના પ્રણેતા ભરુચના શ્રી કિરણભાઈ મજમુદાર છે. તેઓ ઝી બિઝનેસ એવોર્ડ વિનર પણ છે.

તેમણે આ વખતે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વ (૧૫મી ઓગસ્ટે) ધ્વજવંદન માટે આપણી જ્ઞાતિના ડો. શ્રી પિયુષભાઈ પરીખને મુખ્ય મહેમાન તરીકે બોલાવ્યા અને તેમના દ્વારા ધ્વજવંદન કરાવ્યું હતું. શ્રી પિયુષભાઈને NCC ના કેડેટ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

ધ્વજવંદન બાદ શ્રી પિયુષભાઈએ “ક્રાંતિકારી કૃષ્ણ” વિષય ઉપર વક્તવ્ય રજૂ કર્યું હતું. તેમને ખૂબ ખૂબ અભિનંદન.

– તંત્રી

## આભાર

શ્રી અમૃતલાલ મુળજીભાઈ વાયડા (મુંબઈ) ઉ. વ. ૭૫ તરફથી વાયડામિત્રને તેમની ૭૫ મી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૭૫૦૦/– ભેટ રૂપે મળેલ છે. વાયડામિત્ર કાર્યાલય તેમનો આભાર વ્યક્ત કરે છે અને તેમનાં સ્વસ્થ દિર્ધાયુ જીવનની કામના કરે છે.

તેઓનાં વાયડામિત્રમાં કેટલાંક લેખ પ્રકાશિત થયાં છે. આશા રાખીએ કે તેઓ વાયડામિત્ર માટે પોતાનાં લેખો નિયમિત રીતે મોકલતા રહેશે.

– તંત્રી

# અભિનંદન



વાયડામિત્રનાં પૂર્વ તંત્રી શ્રી હરીશ શાહ, વડોદરાનું લાયન્સ કલબ તરફથી તેમનાં એક સાથે ૮ પુસ્તકો પ્રકાશિત થયાં તેનાં ઉપલક્ષમાં જાહેર સન્માન કરવામાં આવ્યું.

ઉપરોક્ત સમારંભમાં લાયન્સ કલબના ઉચ્ચ હોદ્દેદારો, સંસદસભ્યશ્રી હેમાંગ જોષી, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શ્રી હરીશભાઈ શાહના પ્રકાશિત થયેલાં પુસ્તકોમાંથી બે ગઝલ સંગ્રહો, બે ગીત સંગ્રહો, સોનેટ સંગ્રહ, કવિતા આસ્વાદ અને રસદર્શન સંગ્રહ મળી કુલ સાત તથા તેમની વ્યાવસાયિક આત્મકથા 'Absorb Apply Allocate' પણ પ્રસિદ્ધ થયેલ છે.

વ્યવસાયે એન્જિનીયર શ્રી હરીશભાઈ એક મલ્ટીનેશનલ કંપનીમાંથી ઉચ્ચપદેથી રીટાયર્ડ થયેલ છે. તેઓ વડોદરાની અન્ય સેવાભાવી સંસ્થા સાથે પણ જોડાયેલા છે. તેઓનું કાવ્ય પઠન ખૂબ જ અસરદાર છે. તેમણે અનેક કાર્યક્રમોમાં સ્ટેજ સંચાલન સફળતાપૂર્વક કરેલ છે.

વાયડામિત્ર કાર્યાલય તેમને અભિનંદન પાઠવે છે અને તેમનાં સ્વસ્થ દિર્ઘાયુની કામના કરે છે. આશા રાખીએ કે તેઓ સાહિત્ય ક્ષેત્રે પોતાનું યોગદાન આપતા રહેશે અને વાયડામિત્ર તે તેમનાં લેખો નિયમિત મોકલતા રહેશે.

– તંત્રી

સ્વ. નંદલાલ કાંતિલાલ પરીખ (પાટણ–અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮**

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

## પરીક્ષા પાસ

**ભૂજ – કચ્છ : વૈભવ આશિષ શાહ,**
B. Tech CSE (Final year), 7th sem – 9.77/10 CGPA,
8th sem - 9.70/10 CGPA

## અવસાન

**મુંબઈ : મમતાબહેન (માલીનીબહેન) મંજુલભાઈ શાહ,**
**ઉં. વર્ષ ૭૧, તા. ૨૦–૮–૨૦૨૪**

## RECEIPTS TILL 25 / 08 / 2024

| R. NO. | PERSON NAME | AMOUNT | TOWARDS |
|---|---|---|---|
| 33 | HARI INTERNATIONAL COURIER & CARGO SERVICES | 600 | ADV. |
| 34 | GIRISHCHANDRA DHYALAL SHAH | 2100 | DIWALI ADV. |
| 35 | INDUBHAI SHAH & BROTHERS | 21000 | TITLE 4 ADV. |
| 36 | SEJALBEN SAURABHBHAI PARIKH | 600 | ADV. |
| 37 | ANUPBHAI SUDHIRBHAI PARIKH | 1001 | LIFE MEMBER |
| 38 | HIGH SHINE | 600 | ADV. |
| 39 | HEMABEN NILESHBHAI DESAI | 600 | ADV. |
| 40 | AMRUTBHAI MULJIBHAI VAYADA | 7500 | DONATION |

**- Vyavasthapak**

કોમેટ ઈન્ડસ્ટ્રીઝ (અમદાવાદ)ના સૌજન્યથી

સ્વ. કાંતિલાલ કૃષ્ણલાલ પરીખ (કડી) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

***

# શ્રધ્ધાંજલિ



**સ્વ. દમયંતિબહેન કમલકાંત નગરશેઠ**
**જન્મ તા. ૫-૧-૧૯૩૩**
**સ્વર્ગવાસ તા. ૧૯-૫-૨૦૨૪**

સરળ, સંસ્કારી અને ધાર્મિક જીવન જીવનાર તથા જીવનમાં આવેલ અનેક અગવડોમાં પણ હિંમત અને ખંતથી જીવનનૈયા આગળ ધપાવી અમારામાં જે પ્રમે અને સંસ્કારના બીજ રોપ્યા તેની સ્મૃતિ પળે પળે તાજી કરીએ છીએ. સમય વહી ગયો, ખબર ના પડી, પ્રરણામૂર્તિ સહાય બની રહયાં. પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ દિવ્ય શાંતિ અર્પે એ જ અભ્યર્થના તથા આપને કોટિ કોટિ વંદનસહ ...

શ્રીમતિ હેમાંગિની નિલેષકુમાર દેસાઇ
શ્રી નિલેશકુમાર બી. દેસાઇ

ડો. રિધ્ધી ભદ્ર ત્રિવેદી
ડો. ભદ્રકુમાર વાય. ત્રિવેદી

ધ્રુવ નિલેશકુમાર દેસાઇ
શ્રુતિ ધ્રુવ દેસાઇ

સ્વ. રતનલાલ ભેરુલાલ કશ્યપ (નાગપુર) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

# દીપોત્સવી અંક અંગે

દિવાળી અંકમાં ઘણા જ્ઞાતિબંધુઓ પોતાની જાહેરાત આપી 'વાયડામિત્ર' પ્રત્યેની શુભ ભાવના પ્રગટ કરે છે. આનાથી 'વાયડામિત્ર'ને આર્થિક રીતે ઘણી મોટી મદદ મળી રહે છે. 'વાયડામિત્ર' ટીમ તે સૌની આભારી છે. 'વાયડામિત્ર'ને મદદ કરવાનાં ઉદ્દેશ્યથી ચાલુ વર્ષે નવીન જાહેર ખબર આપવાની ઈચ્છા હોય તો જણાવવા આગ્રહભરી વિનંતી છે.

- દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી અંક ઑક્ટોબર-નવેમ્બરનો **સંયુક્ત અંક ઓક્ટોબર માસ**માં પ્રસિદ્ધ થશે જેથી નવેમ્બર માસનો અંક પ્રસિદ્ધ થશે નહિ, જેની વાચકમિત્રોએ નોંધ લેવા વિનંતી છે.
- ૨૦૨૩ ના દિવાળી અંકમાં જેમની જા.ખ. છપાઈ હોય તે સૌની જા.ખ. આ વર્ષે પણ રિપીટ કરવામાં આવશે.
- આપની જા.ખ.ના લખાણમાં ફેરફાર કરવાનો હોય અગર સંજોગોવશાત્ જા.ખ. છાપવાની ન હોય તો **તા. ૨૫-૦૯-૨૦૨૪** સુધીમાં ફક્ત લેખિતમાં (Whats App, SMS, email અથવા પત્ર દ્વારા) જાણ કરવી અન્યથા ગત વર્ષની જેમ જ જા.ખ. છાપીશું.
- દિવાળી અંકના ટાઈટલ પેજ ઉપર ઘણાં જ્ઞાતિજનો પોતાની જાહેરાત છપાવવા ઇચ્છે છે પરંતુ બધી જા.ખ.નો સમાવેશ થઈ શકતો નથી. આથી જ્ઞાતિબંધુઓની માંગણીને માન આપી આ વર્ષે પણ બે કવર પેજ (મલ્ટીકલર) છાપવાનો નિર્ણય કરેલ છે. (એક આઉટર કવર પેજ તથા બીજુ ઈનર કવર પેજ). **બેક કવર પેજનો દર રૂ. ૪૧૦૦/- તથા ૬(છ) ટાઈટલ કવર પેજનો દર રૂ. ૨૭૦૦/- રાખેલ છે. આ અંગે ૨૫-૦૯-૨૦૨૪ પહેલાં જાણ કરવા વિનંતી છે.** આવેલ વિનંતીઓમાંથી ડ્રો દ્વારા નક્કી કરી ટાઈટલ પેજ ઉપર જા.ખ. છાપવામાં આવશે.
- અંદરના પાને **મલ્ટી કલર પેજ છાપવાનો દર રૂ. ૨૧૦૦/-** રાખેલ છે.
- દિવાળી અંકમાં આખા પેજ પર સિંગલ કલરમાં જા.ખ. છાપવાનો દર **રૂ. ૧૦૦૦/-** છે જ્યારે અડધા પાનાની સિંગલ કલર જા.ખનો દર **રૂ. ૫૦૦/-** છે.
- માત્ર દિવાળી અંક માટેની પેનલ જા.ખનો દર **રૂ. ૨૫૦/-** રાખેલ છે.
- દિવાળી અંકમાં જા.ખ અંગે વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખનો (મો. ૯૪૨૭૯ ૫૪૯૬૮) **૨૫-૦૯-૨૦૨૪ પહેલા** સંપર્ક કરવો.
- દિવાળી અંક માટેના અહેવાલ, વાર્તાઓ, લેખ તથા કવિતાઓ મોકલવાની **છેલ્લી તારીખ ૨૫-૦૯-૨૦૨૪** છે જે ફક્ત તંત્રીશ્રીને મોકલવા.

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House,** Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai - Kokilaben Parikh
Harshul - Alpa, Mrugesh - Ratna
Bhrita - Aakar Choksi
Darsh - Ankita, Parita, Darshil,
Bakul - Nita Dalal
Meera - David Burns
Chinmay - Natasha Dalal

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.
પ્રકાશન ૧૦/૯/૨૦૨૪



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

**PRINTED BOOK SEPTEMBER 2024**

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh